અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : ૧૩ નવેમ્બર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૧, કારતક સુદ ૧૨ | અંક : ૧૩૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


# અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં ડોક્ટરોની બેદરકારીના કારણે બે દર્દીના મોત થયાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં કડીના બે દર્દીના મૃત્યુ થયા છે. પરિવારજનોનો આરોપ છે કે, તબીબોએ ખોટી રીતે દર્દીઓને દાખલ કરી ઓપરેશન કર્યું હતું. એટલું જ નહીં, આ દરમિયાન પરિવારજનોને પૂછ્યા વિના જ સ્ટેન્ટ પણ મૂકી દીધા હતા. આ કારણસર બે દર્દીના મૃત્યુ નિપજ્યા છે. દર્દીના સગાઓએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. દર્દીઓના સગાઓનું કહેવું છે કે, કોઈ પણ જાણ વિના જ એન્જિયોગ્રાફી કરી દેવાઈ હતી. આયુષ્યમાન કાર્ડથી હોસ્પિટલે રૂપિયા મેળવી લીધા હતા. ડોકટરોને ભગવાનનું બીજું રૂપ માનવામાં આવે છે કારણ કે તેઓ બીમારીઓને દૂર કરીને અને લોકોના જીવનને બચાવીને ખૂબ મહત્વપૂર્ણ કાર્ય કરે છે. પરંતુ ડૉક્ટર પરથી વિશ્વાસ ઉઠી જય તેવો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદની એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ હોસ્પિટલમાં ભારે હોબાળો થયો છે. દર્દીઓના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે, “આ હોસ્પિટલમાંથી પરિવારને જાણ કર્યા વગર જ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યાં છે. જેમાં બે લોકોનાં મૃત્યુ નીપજ્યા છે. સરકારી યોજનામાંથી રૂપિયા કમાવવા માટે આ લોકોએ અમને જાણ કર્યા વગર ઓપરેશન કરીને અમારા સ્વજનોના જીવ સાથે ચેડા કર્યા છે.કડીમાં ફ્રી કેમ્પ હોસ્પિટલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાંથી ૧૯ દર્દીને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે બોલાવાયા હતા. અહીં તમામ દર્દીઓની તેમને પૂછ્યા વિના જ એન્જિયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. ૫ દર્દી હાલ ICUમાં દાખલ છે. આ તમામ ઓપરેશન ડો. પ્રશાંત વઝીરાણીએ કર્યા હતા. બનાવની ગંભીરતાને જોતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ આ સમગ્ર બાબતે માહિતી મેળવવા માટે ખ્યાતિ હોસ્પિટલ પહોંચ્યા હતા. ઑપરેશન પહેલા હોસ્પિટલ તરફથી પરિવારને જાણ કરવામાં આવી ન હતી. તમામ લોકો અમદાવાદ આવ્યા એ પહેલા સ્વસ્થ હતા. આ ઓપરેશનના PMJAY યોજનામાંથી ૧ લાખ ૨૮ હજાર રૂપિયા કપાયા છે. ત્યારે સરકારી યોજનાનો ખોટો લાભ લેતી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

ખ્યાતિ હોસ્પિટલની સામે સરકાર એકશન મોડમાં આવી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સમગ્ર ઘટના અંગેની માહિતી મેળવીને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. PMJAY યોજના હેઠળ એક સાથે ૧૯ વ્યક્તિઓને સ્ટેન્ટ મૂકવાની ક્યારેય પરવાનગી મળતી નથી. જેના પગલે હવે હોસ્પિટલ સામે પણ એકશન લેવામાં આવશે. જરૂર પડે હોસ્પિટલનું લાયસન્સ રદ કરાશે. જે ડોકટરો એ સર્જરી કરી છે તેમનું પણ લાયસન્સ રદ થઈ શકે છે.




### અમદાવાદમાં આવેલી ખ્યાતિ હોસ્પિટલની હાલ વિવાદનું કેન્દ્ર બની છે



હોસ્પિટલ પર બેદરકારીનો આરોપ લગાવવામાં આવ્યો છે. હા.. ખ્યાતી હોસ્પિટલની બેદરકારીના કારણે ૨ લોકોના મોત થયા છે. પરિવારજનોનો આરોપ છે કે અહીં સ્વાસ્થ્ય તપાસ માટે આવેલા બે લોકોના મોત થયા છે. આ પછી હોસ્પિટલમાં હોબાળો મચી ગયો હતો. આ સિવાય અન્ય ૫ દર્દીઓ હાલમાં ICUમાં સારવાર હેઠળ છે. આ બંને દર્દીઓના પરિવારજનોએ હોસ્પિટલમાં તોડફોડ કરી છે. આપને જણાવી દઈએ કેમ્પ બાદ આ બે વ્યક્તિઓને ખ્યાતિ હોસ્પિટલ લવાયા હતા. જેના પછી આ બે દર્દીઓની એન્જીયોગ્રાફી કરાઇ હતી અને એન્જિયોગ્રાફી બાદ ૭ લોકોની એન્જિઓપ્લાસ્ટી પણ કરી હતી. તેમના સગાઓ એવો દાવો કરી રહ્યા છે કોઇ પણ જાણ વિના ૧૯ દર્દીઓની એન્જિયોગ્રાફી કરી હતી. જેમાં એન્જિયોગ્રાફી બાદ દર્દીઓના હૃદયમાં સ્ટેન્ડ મુક્યા હતા. એટલુજ નહિ દર્દીઓના સગાઓએ મૃતકના આયુષ્યમાન કાર્ડમાંથી પૈસા કપાયાનો પણ દાવો કર્યો છે. હાલ આ ઘટના બાદ હોસ્પિટલમાંથી ડોક્ટરો ગાયબ થઈ ગયા છે.



### નિ:શુલ્ક કેમ્પ બાદ દર્દીઓને ખ્યાતિ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા

હોસ્પિટલ દ્વારા ફ્રી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કોઈપણ માહિતી વિના ૧૯ લોકોની એન્જીયોગ્રાફી કરવામાં આવી હતી અને તેમને સ્ટેન્ડ પર રાખવામાં આવ્યા હતા. ગામલોકો હોસ્પિટલ પર બેદરકારીનો આરોપ લગાવી રહ્યા છે જેના કારણે ૨ લોકોના મોત થયા છે. હાલ ૫ દર્દીઓ ICUમાં દાખલ છે. રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સમગ્ર ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. આ મામલામાં આરોગ્ય મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર માહિતી આપી હતી.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ટ્વીટ કર્યું હતું કે ખ્યાતી હોસ્પિટલ પર ખૂબ જ ગંભીર આરોપો છે. અમે રાજ્યની છેતરપિંડી વિરોધી એકમમાં આ મામલે તાત્કાલિક તપાસનો આદેશ આપ્યો છે.' જો કોઈ બેદરકારી કે તબીબી ભૂલ સાબિત થશે તો હોસ્પિટલ અને તબીબ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે ગ્રામજનોએ જણાવ્યું કે મૃતકના આયુષ્માન કાર્ડમાંથી પૈસા કપાઈ ગયા જાણે સરકારી યોજનાના નામે મોતનો કાળો બજાર ચાલી રહ્યો હોય. દર્દીઓના સગાઓએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. ઘટના બાદથી ડોક્ટર હોસ્પિટલમાંથી ગાયબ છે.

## ન્યૂઝ બ્રિફ

### આસારામને સારવાર માટે ૩૦ દિવસની પેરોલ અપાઈ

। જોધપુર, તા.૧૨ ।

સગીરા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં જોધપુર સેન્ટ્રલ જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા આસારામને ઈલાજ માટે ૩૦ દિવસની પેરોલ આપવામાં આવી છે. ૭ નવેમ્બરે જોધપુર હાઈકોર્ટે તેમને ખાનગી આયુર્વેદિક હોસ્પિટલમાં સારવાર માટે ૩૦ દિવસની પેરાલની મંજૂરી આપી હતી. સોમવારે આસારામને જોધપુર સેન્ટ્રલ જેલમાંથી પોલીસ કસ્ટડીમાં ખાનગી હોસ્પિટલમાં મોકલાયા છે, જ્યાં તેમની આયુર્વેદ પદ્ધતિથી ૩૦ દિવસ સારવાર કરાશે.

### ટ્રમ્પ અને પુતિન વચ્ચે કોઈ વાતચીત થઈ જ નથી

। વોશિંગ્ટન, તા.૧૨ ।

ડૉનાલ્ડ ટ્રમ્પે ચૂંટણીમાં વિજય મેળવ્યા પછી પોતાના ફ્લોરિડા સ્થિત નિવાસસ્થાનેથી પ્રમુખ પુતિનને ફોન કર્યો હોવાના અહેવાલો તદ્દન ખોટા છે તેમ ક્રેમલીને કહ્યું હતું, ક્રેમલીના પ્રવક્તા દિમિત્રી પેસકોવે વધુ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, ‘આ તદ્દન ખોટી માહિતી છે.’બીજી તરફ દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત અખબારો પૈકીના અગ્રણી અખબાર ‘વૉશિંગ્ટન પોસ્ટે’ તો ખાતરીપૂર્વક કહ્યું હતું કે, નવ-નિર્વાચિત પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે તેઓના રેસીડેન્ટ કમ રીસોર્ટ ફ્લોનડલાના પામ-બીચ ઉપરના માર-એ-બાગો નગરમાંથી પ્રમુખ પુતિનનો ફૉન કર્યો જ હતો.


### યુક્રેનના લોકોને ડરાવવાના રશિયાના પ્રયાસની ઝેલેન્સ્કીએ ટીકા કરી

# રશિયાનો યુક્રેન પર બોંબ, ડ્રોન અને મિસાઇલથી હુમલો, ૬નાં મોત

**રશિયાએ ગ્લાઇડ બોંબ, ડ્રોન અને એક બેલેસ્ટિક મિસાઇલથી સોમવારે દક્ષિણ અને પૂર્વ યુક્રેનના શહેરો પર હુમલો કર્યો હતો**

। (એજન્સી) કીવ, તા.૧૨ ।

રશિયાએ ગ્લાઈડ બોંબ, ડ્રોન અને એક બેલેસ્ટિક મિસાઈલથી સોમવારે દક્ષિણ અને પૂર્વ યુક્રેનના શહેરો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૬ નાગરિકોના મોત થયા છે, અને લગભગ ૩૦ લોકો ઘાયલ થયા છે. ટેલીગ્રામ મેસેજિંગ એપ પર એક પોસ્ટમાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે, “પ્રત્યેક દિવસ, પ્રત્યેક રાત, રશિયા એક જ પ્રકારનો આતંક કરે છે.” રશિયાએ તાજેતરમાં જ યુક્રેન પર હુમલાઓ તેજ કરી દીધા છે. આ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે, “યુક્રેનના લોકોને ડરાવવા અને યુદ્ધને ચાલું રાખવાની તેમની



ઈચ્છાને ઓછી કરવા માટે આ એક સ્પષ્ટ પ્રયાસ છે, જે પોતાના ૧૦૦૦ દિવસીય માઈલસ્ટોન નજીક પહોંચી રહ્યો છે.”યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું કે, રશિયાએ ડ્રોનથી માયકોલાઈવ પર હુમલો કર્યો, જેમાં પાંચ લોકોના મોત થયા અને એક ૪૫ વર્ષીય મહિલા ઘાયલ થઈ છે. આ હુમલા પછી લગભગ બે ડઝન લોકોએ મનોવૈજ્ઞાનિક મદદ માંગી, જેમાં તેમના ઘર અને દુકાનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. જ્યારે જાપોરિજ્જિયા શહેર પર ત્રણ શક્તિશાળી ગ્લાઈડ બોંબ ફેંકવામાં આવ્યા, જેમાં એક વ્યક્તિનું મોત અને ૨૧ લોકો ઘાયલ થયા હતા. જ્યારે ઝેલેન્સ્કીના ગૃહનગર ક્રિવી રિહમાં એક પાંચ માળની બિલ્ડિંગ પર રશિયાએ બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો, જેમાં આઠ લોકો ઘાયલ થયા હતા. અહીંયા નોંધવું રહ્યું કે, રશિયા અને યુક્રેન બંને રાહ જોઈ રહ્યા છે કે જાન્યુઆરીમાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિનો પદભાર સંભાળ્યા પછી અમેરિકા યુદ્ધ પર કેવી નીતિ અપનાવે છે.

### પીએમ મોદીની મહારાષ્ટ્રની આ ત્રીજી મુલાકાત

# પીએમ મોદીની આજે ચિમુર-સોલાપુર અને પુણેમાં રેલી

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૨ ।

આજે પીએમ મોદી મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે ચિમુર અને સોલાપુર પહોંચશે. તેઓ આજે ૩ રેલીઓ કરશે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ, તેઓ પ્રથમ ચિમુરમાં બપોરે ૧ વાગ્યે જાહેર સભા કરશે. આ પછી તેઓ સાંજે ૪.૧૫ વાગ્યે સોલાપુર પહોંચશે. ત્યારબાદ વડાપ્રધાન સાંજે ૬:૩૦ કલાકે પુણે જવા રવાના થશે. અહીં તેઓ મહાયુતિના ઉમેદવાર માટે સમર્થન માંગશે. જો જોવામાં આવે તો છેલ્લા એક સપ્તાહમાં પીએમ મોદીની મહારાષ્ટ્રની આ ત્રીજી મુલાકાત છે.

આ પહેલા ૯ નવેમ્બરે તેમણે અકોલા અને નાંદેડમાં જાહેર સભાઓને સંબોધી હતી. આ પહેલા ૮ નવેમ્બરે પીએમ મોદીએ ધુલે અને નાસિકમાં રેલીઓ કરી હતી. મહારાષ્ટ્રમાં આ તમામ ૪ રેલીઓમાં પીએમ મોદીએ ‘જો એક છે તો સલામત છે’નું સૂત્ર આપ્યું છે. જો કે આ



ચાર રેલીઓમાં પીએમ મોદીએ હજુ સુધી ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર પર નિશાન સાધ્યું નથી. તેમણે કોંગ્રેસ પર જાતિઓમાં વિભાજન કરવાનો આરોપ પણ લગાવ્યો છે.

જો કે, ૧૧ નવેમ્બરે શિવસેના (UBT) નેતા ઉદ્ધવ ઠાકરેએ આરોપ લગાવ્યો હતો કે વડા પ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે તિરાડ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સાંસદ કંગના રનૌતની મુસીબત વધી, આગ્રા કોર્ટે નોટિસ ફટકારી

### ખેડૂતોના આંદોલન અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને લઈને આપેલા નિવેદનનો મામલો

। (એજન્સી) આગ્રા, તા.૧૨ ।

હિમાચલ પ્રદેશની મંડી સીટ પરથી બીજેપી સાંસદ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતની મુશ્કેલીઓ વધી ગઈ છે. આગ્રાની જિલ્લા અને સત્ર અદાલતે ખેડૂતોના આંદોલન અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને લઈને આપેલા નિવેદનના મામલામાં કંગના રનૌતને નોટિસ જારી કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે નોટિસ દ્વારા કંગના રનૌતનો જવાબ માંગ્યો છે.

આગ્રા બાર એસોશીએશનના અધ્યક્ષ એડવોકેટ રમાશંકર શર્માએ ખેડૂતોના આંદોલન અને મહાત્મા ગાંધી વિશેની ટિપ્પણીઓના મામલે કંગના રનૌત વિરુદ્ધ આગ્રા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. આજે મંગળવારે



આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી, ત્યારબાદ કોર્ટે નોટિસ જારી કરવાનો આદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ રમાશંકર શર્માએ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સ્પેશિયલ કોર્ટ MP MLA કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. તેમણે કંગના રનૌત વિરુદ્ધ ખેડૂતો અને રાષ્ટ્રપિતાનું અપમાન કરવા બદલ દેશદ્રોહનો કેસ દાખલ કર્યો છે.ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧માં કંગના રનૌતે ખેડૂતોના આંદોલન અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ગાલ પર થપ્પડ મારવાથી ભિક્ષા મળે છે, સ્વતંત્રતા નહીં. કંગનાએ કહ્યું હતું કે, દેશને વાસ્તવિક આઝાદી ૨૦૧૪ પછી મળી છે. તેમજ ખેડૂતોના આંદોલનને લઈને કહેવામાં આવ્યું હતું કે કૃષિ કાયદાના વિરોધમાં ખાલિસ્તાની આતંકવાદીઓ સામેલ છે. આ બંને નિવેદનો બાદ કંગનાનો જોરદાર વિરોધ થયો હતો.

### ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો માટે મતદાન થશે

# ઝારખંડમાં પ્રથમ તબક્કાની ચૂંટણીનાં પ્રચાર-પડઘમ શાંત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ સોમવારે સાંજે શાંત થઈ ગયા છે. અહીં બુધવારે (૧૩ નવેમ્બર) પ્રથમ રાઉન્ડમાં ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો માટે મતદાન થશે. આ સાથે જ પ્રથમ તબક્કામાં ચૂંટણી લડનારા તમામ ૬૧૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ છ બેઠકો પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં છે. આ પછી, પલામુ, પશ્ચિમ સિંઘભૂમ અને રાંચી જિલ્લામાં દરેક પાંચ વિધાનસભા બેઠકો છે, જ્યાં બુધવારે મતદાન છે. ઝારખંડની ચૂંટણીના પ્રથમ તબક્કાની લોકપ્રિય બેઠકોમાં સરાયકેલા, રાંચી, જમશેદપુર પશ્ચિમ, જગન્નાથપુર અને જમશેદપુર પૂર્વનો સમાવેશ થાય છે. ખાસ ચહેરાઓની વાત કરીએ તો પૂર્વ મુખ્યમંત્રી ચંપાઈ સોરેન સરાઈકેલા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી ઓગસ્ટમાં ઝારખંડ ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા.

# દેહરાદૂનમાં સોમવારે મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૨ ।

ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં સોમવારે મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં છ લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓમાં ત્રણ છોકરા અને ત્રણ છોકરીઓનો સમાવેશ થાય છે. આ સિવાય એક છોકરાની હાલત નાજુક છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે અકસ્માતનો ભોગ બનેલી કાર સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના સોમવારે રાત્રે લગભગ ૨ વાગે દેહરાદૂનના ONGC ચારરસ્તા પાસે થઈ હતી. અહીં સાત છોકરા-છોકરીઓ એકસાથે કારમાં બેસીને નીકળ્યા હતા, જેમાંથી ત્રણ છોકરા અને ત્રણ છોકરીઓના મોત થયા હતા. કારમાં સવાર તમામ લોકોની ઉંમર ૨૫ વર્ષથી ઓછી છે. આ અકસ્માતમાં મૃત્યુ પામેલી છોકરીઓમાં ગુનીત તેજ પ્રકાશ સિંહ (૧૯), નવ્યા ગોયલ પલ્લવ ગોયલ (૨૩) અને કામાક્ષી તુષાર સિંઘલ (૨૦)નો સમાવેશ થાય છે. આ ત્રણેય યુવતીઓ દેહરાદૂન શહેરના અલગ-અલગ વિસ્તારની રહેવાસી હતી. આ સિવાય મૃત્યુ પામેલા છોકરાઓની ઓળખ કુણાલ કુકરેજા S/O જસવીર કુકરેજા (૨૩), અતુલ અગ્રવાલ S/O સુનિલ અગ્રવાલ (૨૪) અને રિષભ જૈન S/O તરુણ જૈન (૨૪) તરીકે થઈ છે. તેમાંથી કુણાલ કુકરેજા હિમાચલના ચંબાના રહેવાસી હતા, જ્યારે બાકીના લોકો દેહરાદૂનના રહેવાસી હતા. આ ઉપરાંત ઈજાગ્રસ્ત યુવકની ઓળખ સિદ્ધેશ અગ્રવાલ S/O વિપિન કુમાર અગ્રવાલ (૨૫) તરીકે થઈ છે. તે દહેરાદૂનના એશિયાના શોરૂમ મધુબનની સામે રાજપુર રોડનો રહેવાસી છે.

# યૂપીમાં જર્મનીના નાગરિકને ૧૪ મહિનાની કેદ થઈ

। (એજન્સી) ઉત્તરપ્રદેશ, તા.૧૨ ।

ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લાની કોર્ટે એક જર્મન નાગરિકને આકરી સજા સંભળાવી છે. જર્મન નાગરિકને છેતરપિંડી અને વિઝાની અવધિ સમાપ્ત થયા પછી તેની માન્યતા તારીખને ખોટી બનાવવા માટે દોષી ઠેરવવામાં આવ્યો છે. કોર્ટે જર્મન નાગરિકને ૧૪ મહિનાની જેલ અને ૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આલોક યાદવે સોમવારે આ નિર્ણય સંભળાવ્યો છે. ચાલો જાણીએ આ સમગ્ર મામલાને વિગતવાર. આ કેસની માહિતી આપતા વરિષ્ઠ પ્રોસિક્યુશન ઓફિસર સતીશ વર્માએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૭માં લોકલ ઈન્ટેલિજન્સ યુનિટના સબ ઈન્સ્પેક્ટર સીતારામે જર્મનીના બર્લિન શહેરના નાગરિક હોલ્ગર એરિક મિશની તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે હોલ્ગરના વિઝાની સમયસીમા પહેલા જ પુરી થઈ ગઈ હતી. આરોપી હોલ્ગરે તેના વિઝા સાથે છેડછાડ કરી હતી અને તેની માન્યતા તારીખ સાથે છેડછાડ કરી હતી. કેસની તપાસ કર્યા પછી અને વિઝામાં છેડછાડ કર્યા પછી, પોલીસે આરોપી જર્મન નાગરિક એરિક મિશ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૧૯, ૪૨૦ (છેતરપિંડી) અને ૧૪છ ફોરેનર્સ એક્ટ હેઠળ કેસ નોંધ્યો હતો. કેસની તપાસ બાદ આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો અને તેને ૧૪ મહિનાની જેલ અને ૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે એમ પણ કહ્યું કે જો દંડ ન ભરે તો જર્મન નાગરિકને સાત દિવસની વધારાની જેલની સજા ભોગવવી પડશે.

## અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં વેપારીઓ રાતા પાણીએ રડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારે સંયુક્તપણે અમદાવાદના જુદા-જુદા ૧૮ સ્થળોએ ૯૫ દિવસ માટે શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. જેની શરૂઆત ૧૨ ઓક્ટોબરે થઈ હતી. પરંતુ સ્ટોલના ઊંચા ભાડાંના કારણે વેપારીઓ અને ચીજવસ્તુઓમાં ડિસ્કાઉન્ટ બાદ પણ ઊંચી કિંમતોના કારણે ગ્રાહકો નિરાશ થયા હતા. સિંધુભવન શોપિંગ ફેસ્ટિવલમાં ભાગ લેનારા એક ફૂડસ્ટોલના વેપારીએ જણાવ્યું હતું કે, 'એક સ્ટોલ પર એએમસી લગભગ રૂ. ૩૦૦૦-૩૫૦૦ પ્રતિ દિન ભાડું વસૂલી રહી છે. જેની સામે અમારી રોજની સરેરાશ આવક ૧૫૦-૩૫૦ છે. ચાલુ દિવસે તો માંડ રૂ. ૧૦૦નો વકરો થાય છે. અમે ભાડું એડવાન્સમાં ચૂકવી દીધુ હોવાથી સ્ટોલ પર કમાણી થવાની રાહમાં ઉભા છીએ. જ્યારે અમારા સાથી વેપારીઓએ સ્ટોલ બંધ કરી દીધા છે.' મળતી માહિતી પ્રમાણે મોટાભાગના સ્ટોલ ધારકો પાસેથી તંત્રએ એડવાન્સ ત્રણ લાખ રૂપિયા ભાડુ લઈ લીધુ છે. પરંતુ વેપારીઓને રોજના ભાડા જેડલી પણ કમાણી થતી નથી. અમદાવાદમાં ટોચના ચાર વિસ્તારો સિંધુભવન, નિકોલ, સીજી રોડ, અને મણીનગરમાં શરૂ કરાયેલા આ શોપિંગ ફેસ્ટિવલમાં મોટાભાગના સ્ટોલના પડદાં પડી ગયા છે. સિંધુભવન પર દર ૧૨ માંથી ૧૦ સ્ટોલ બંધ થઈ ગયા છે. જ્યારે લો ગાર્ડન પર સાત ફૂડ સ્ટોલમાંથી ચાર ફૂડ સ્ટોલ ૨૦ દિવસમાં જ બંધ થઈ ગયાં છે. પૂર્વ વિસ્તારમાં નિકોલ અને મણીનગર ખાતે પણ શોપિંગ ફેસ્ટિવલમાં રજાઓના દિવસે ભીડ તો જોવા મળે છે, પરંતુ તે ખરીદી માટે નહીં પણ હરવા-ફરવા અને સેલ્ફી ફોટો માટે આવતી હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. રાજ્ય સરકાર અને અમદાવાદ મહાનગર પાલિકા છેલ્લા પાંચ વર્ષથી દિવાળીના તહેવારોમાં આ પ્રકારના શોપિંગ ફેસ્ટિવલ પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી છે. પરંતુ તેને કોઈ સારો પ્રતિસાદ મળ્યો નથી. ૨૦૧૯માં જ્યારે આ પ્રકારના શોપિંગ ફેસ્ટિવલની પ્રથા શરૂ કરાઈ ત્યારે ૧૭ હજાર વેપારીઓ આ શોપિંગ ફેસ્ટિવલમાં જોડાયા હતા. જેની સંખ્યા વર્ષ ૨૦૨૪માં ઘટીને માત્ર ૬૦૯ થઈ ગઈ છે. આ વર્ષે ચાર મુખ્ય વિસ્તારો ઉપરાંત ૧૪ નાના-મોટા સ્થળો પર આયોજિત શોપિંગ ફેસ્ટિવલના સ્ટોલ, સ્ટેજ, ગેમઝોન, લાઈટિંગ, ડેકોરેશન પાછળ અંદાજે રૂ. ૧૬ કરોડથી વધુનો ખર્ચ કર્યો છે. જેની સામે વેપારીઓને કમાણી તો નથી થઈ અને સ્ટોલ બંધ થઈ જતાં સરકાર પણ પોતાનો આ ખર્ચો પણ વસૂલી શકશે કે કેમ તે એક મોટો સવાલ છે. રાજ્યમાં કાઈટ ફેસ્ટિવલ, ફ્લાવર શો, શોપિંગ ફેસ્ટિવલ જેવા ઉત્સવો યોજાય છે. આવા આયોજનોથી નાના વેપારીઓને રોજગારી મળશે તેવા દાવા પણ કરવામાં આવે છે.

### લાખો લીટર ઇંધણ અને સમય બચશે

## ભાવનગરથી ભરૂચ વચ્ચે દરિયો ચીરીને બનાવાશે દેશનો સૌથી લાંબો બ્રિજ

### ભારતમાલા પ્રોજેક્ટ દ્વારા સમગ્ર દેશમાં ૮ નવા પ્રોજેક્ટની શરૂઆત કરાવામાં આવી છે જેમાં ગુજરાતને બે પ્રોજેક્ટ મળ્યા છે

। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતને મળેલા બે પ્રોજેક્ટમાં કુલ ૩૧૬ કિ.મી. લાંબો નેશનલ હાઈવે તૈયાર કરાશે. જેમાં ૨૪૮ કિ.મી. લાંબો ફોર અથવા સિક્સ લેન હાઈવે જામનગરથી રાજકોટ થઈને ભાવનગર સુધીનો તૈયાર કરાશે. જ્યારે અન્ય પ્રોજેક્ટમાં ભાવનગરથી ભરૂચ સુધી ૬૮ કિ.મી. લાંબો ફોર અને સિક્સ લેન હાઈવે તૈયાર કરાશે. હાઈવે બનવાથી જામનગરથી માત્ર ચાર કલાકમાં અને સુરતથી માત્ર પાંચ કલાકમાં ભરૂચ પહોંચી શકાશે. આ પ્રોજેક્ટ હેઠળ દરિયામાંથી દેશનો સૌથી લાંબો દરિયાઈ બ્રિજ એટલે કે ૩૦ કિ.મી. લાંબો બ્રિજ બનાવાશે. આ તૈયાર થઈ જાય



પછી માત્ર એક જ કલાકમાં ભાવનગરથી ભરૂચ પહોંચી શકાશે. આ પ્રોજેક્ટનો સર્વે કરવા માટે સેન્ટ્રલ રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીએ એજન્સીઓ પાસે બીડ મંગાવી છે. જે મંજૂર થતાં રોજનું લાખો લીટર ઈંધણ તેમજ લોકોનો કિંમતી સમય પણ બચશે. સૌરાષ્ટ્ર એટલે કે જામનગરથી સુરત જવા માટે ૫૨૭ કિ.મી. બગોદરા કે વડોદરા થઈને જવું પડતું. પરંતુ આ પ્રોજેક્ટ હેઠળ જામનગરથી ભરૂચનો હાઈવે તૈયાર થતા ૧૩૫ કિ.મી. જેટલું અંતર ઘટશે. આ સાથે રાજકોટથી સુરત વચ્ચે હાલ અંદાજે ૪૩૬ કિ.મી.નું અંતરમાં ૧૧૭ કિ.મી.નો ઘટાડો થશે. જ્યારે સોમનાથથી વાયા વડોદરા થઈને સુરત જતા હાલ ૬૨૭ કિ.મી. અંતરમાં ૨૧૫ કિ.મી ઘટાડો થવાથી માત્ર ૪૧૨ કિ.મી. જેટલું થશે. જ્યારે ભાવનગરથી સુરત જવા માટેના ૩૫૭ કિ.મી. અંતરમાંથી ૨૪૩ કિ.મી. અંતર ઘટી જતા માત્ર બે કલાકમાં ભાવનગરથી સુરત પહોંચી શકાશે.

## અમદાવાદથી જેદ્દાહ જતી ફ્લાઇટમાં બોમ્બની ધમકી

### ફ્લાઇટ લખનૌ એરપોર્ટથી અમદાવાદ એરપોર્ટ પર ગઈકાલે રાત્રે ૧૦.૧૨ વાગે લેન્ડ થઈ હતી રાત્રે ૧૦. ૫૫ વાગે જેદ્દાહ ઉડાન ભરવાની હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદથી જેદ્દાહ ફ્લાઈટના વોશ રૂમના કમોડ પર કોઈએ કાગળની ચિઠ્ઠીમાં એક લિટીમાં BUMB લખ્યું હતું. ક્રૂ મેમ્બર સાક્ષી બીસ્ટના ધ્યાન પર આ વાત આવતા, ફ્લાઈટ કેપ્ટન અને ATC ને જાણ કરી હતી. ફ્લાઈટ લખનૌ એરપોર્ટથી અમદાવાદ એરપોર્ટ પર ગઈકાલે રાત્રે ૧૦.૧૨ વાગે લેન્ડ થઈ હતી. રાત્રે ૧૦. ૫૫ વાગે જેદ્દાહ ઉડાન ભરવાની હતી. ફ્લાઈટને ટર્મિનલ ૨ પર લઈ જઈ BDS, સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા સધન ચેકીંગ કર્યું પરંતુ કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. BUMB લખી ફ્લાઈટના મુસાફરોમાં ભય ફેલાવનાર અજાણી વ્યક્તિ વિરુદ્ધ એરપોર્ટ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફ્લાઈટ સ્ટાફના સંદેશા અને એરપોર્ટ ઓથોરિટીની સૂચના બાદ SOP મુજબ હાઈલેવલ સિક્યુરિટી કમિટીની બેઠક થઈ હતી. ક્લિયરન્સ મળ્યા બાદ ફ્લાઈટ રવાના થઈ હતી.

ગુજરાતમાં આ પહેલા એરલાઈન્સોને ફ્લાઈટ ઉડાડવાની મળતી ધમકી હવે સીધી જમીન પર આવી ગઈ હવે હોટેલોને બોમ્બ ઉડાડવાની ધમકી મળી રહી છે. બની શકે કે હોટેલે કદાચ ખાવાનું સારું બનાવ્યું ન હોય, તેના ખાવામાં જીવાત આવી હોય પણ તેના કારણ તેને બોમ્બ ઉડાડવાની ધમકી તો ન આપી શકાયને. રાજકોટ બાદ હવે સુરતમાં પણ હોટલમાં બોમ્બનો ઈ-મેઈલ આવ્યો હતો. સુરતની લા મેરેડીયન ફાઈવ સ્ટાર હોટલમાં બૉમ્બ મુકાયાનો ઈ-મેઈલ આવ્યો હતો. ઈમેઈલ મળતા જ સુરત શહેર પોલીસ દોડતી થઈ ગઈ.

### મૃતક પરીણિતા પાસેથી સ્યુસાઇડ નોટ મળી

## અમદાવાદ અને વડોદરામાં પતિના ત્રાસથી પરીણિતાની આત્મહત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં પતિના ત્રાસથી પરીણિતાએ આત્મહત્યા કરી છે. અમદાવાદમાં પતિના ત્રાસથી પરીણિતાએ કંટાળીને દવા પી જીવન ટૂંકાવ્યું છે. મૃતક પરીણિતા પાસેથી સ્યુસાઈડ નોટ મળી છે. પત્ની પર અવારનવાર શંકા રાખીને ત્રાસ આપતો હોવાનો આરોપ છે. અમદાવાદમાં છેલ્લા અઠવાડિયામાં પતિના ત્રાસથી પત્નીની આત્મહત્યાનો આ બીજો બનાવ છે.

અમદાવાદમાં ચાર જ દિવસ પહેલા નારોલ વિસ્તારમાં શંકાશીલ પતિના ત્રાસથી પત્નીએ ગેલેરીમાંથી પડતું મૂકી આત્મહત્યા કરી હતી. આ મામલે મૃતકના ભાઈએ બનેવી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા નારોલ પોલીસે ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મૃતકના ભાઈ રાહુલે નારોલ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમની નાની બહેન છાયાને શાહવાડી ખાતે રહેતા જગદીશ રાઠોડ સાથે પ્રેમસબંધ હોવાથી આજથી એક વર્ષ અગાઉ બન્નેના લગ્ન કરાવવામાં આવ્યા હતા.

જો કે લગ્નના એક મહિના બાદ તેમની બહેન સારા કપડા પહેરે કે મોબાઈલ ફોનનો ઉપયોગ કરે તો તેનો પતિ શંકા કરીને પત્ની સાથે મારઝૂડ કરતો હતો. દિવાળીનો તહેવાર હોવાથી ગત ૨ નવેમ્બરના રોજ તેમની બહેન પોતાના પિયર રોકાવા આવી હતી. જો કે ચોથી તારીખે તેનો પતિ જગદીશ સાસરીમાં આવ્યો હતો અને પત્નીને 'મેં તને અહીંયા આવવાની ના પાડી હોવા છતાં કેમ આવી?' કહી મારઝૂડ કરીને રિક્ષામાં બેસાડીને લઈ ગયો હતો. જગદીશ રાઠોડે ફરિયાદીને ફોન કરીને કહ્યું હતું કે, 'સવાર સુધીમાં છૂટાછેડાના કાગળીયા તૈયાર કરી લેજો, નહીંતર આખી રાત તારી બહેનને મારીશ'. જેથી ફરિયાદી રાહુલ વાઘેલા પોતાની પત્ની અને નાની બહેનને લઈને મોટી બહેન છાયાની સાસરીમાં બનેવીને સમજાવવા ગયા હતા. જ્યાં સાસુ-સસરા અને ત્રણેય નણંદો હાજર હોવા છતાં જગદીશ પત્નીને મારવા જતો હતો. જેથી તેમની મોટી બહેને ગેલેરીમાં જઈને પડતું મૂક્યું હતુ. જેથી લોહીલુહાણ હાલતમાં તેણીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરી હતી.

અમદાવાદ ઉપરાંત સંસ્કાર નગરી વડોદરામાં પણ પરીણિતાએ આત્મહત્યા કરી હતી. માંજલપુરમાં રહેતી પરીણિતાએ સાતમા માળેથી કૂદી આત્મહત્યા કરી હતી. શ્રીકુંજ હાઈટ્સ નામની બિલ્ડિંગમાંથી કૂદીને આત્મહત્યા કરી હતી.

## અમદાવાદમાં ધોળકાના ૩૫ વર્ષીય યુવકે આત્મહત્યા કરી

### તેની પત્નીને તેના ભાઈ સાથે શારીરિક સંબંધ હોવાની જાણ થતાં તેણે આ પગલું ભર્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતના અમદાવાદ જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જિલ્લાના ધોળકાના ૩૫ વર્ષીય યુવકે આત્મહત્યા કરી લીધી છે. એવા આરોપ છે કે તેની પત્નીને તેના ભાઈ સાથે શારીરિક સંબંધ હોવાની જાણ થતાં તેણે આ પગલું ભર્યું છે. એક પોલીસ અધિકારીએ આ મામલે રવિવારે મોટા ખુલાસા કર્યા હતા. ગુજરાતના અમદાવાદ જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જિલ્લાના ધોળકાના ૩૫ વર્ષીય યુવકે આત્મહત્યા કરી હતી. તેની પત્નીને તેના ભાઈ સાથે શારીરિક સંબંધ હોવાની જાણ થતાં તેણે આ પગલું ભર્યું હતું. આ મામલે મૃતકના પિતાએ ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસ આ મામલાની તપાસમાં વ્યસ્ત છે. મૃતકના પિતાએ નોંધાવેલી એફઆઈઆર મુજબ, તેમના પુત્રએ ૨૦૦૯માં ધોળકાની એક મહિલા સાથે લગ્ન કર્યા હતા અને ૨૦૧૭માં તેઓ કાયદેસર રીતે અલગ થઈ ગયા હતા. ફરિયાદીનો આરોપ છે કે લગ્ન બાદ તેમનો પુત્ર અલગ રહેવા લાગ્યો હતો અને તેની સાથે તેમના સંબંધો સારા ન હતા. આ કારણે તેમણે ગયા વર્ષે એક અખબારમાં જાહેરાત આપી હતી કે તેમના પુત્ર સાથે કોઈ સંબંધ નથી. ફેબ્રુઆરીમાં ફરિયાદીના પુત્રએ બીજી મહિલા સાથે લગ્ન કર્યા હતા. મહિલાએ આ લગ્ન અગાઉ ચાર પુરુષો સાથે છૂટાછેડા લીધા હતા.

### ગભરાયેલા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ

## ગાંધીનગરના પેથાપુરમાં SLBના દરોડા, ૧૧ જુગારીઓની ધરપકડ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

સ્ટેટ મોનિટરિંગ સેલ(SMC)ની ટીમે ગાંધીનગરના પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંજરી પાર્ક પાસે સાબરમતી નદીના કિનારે ખુલ્લી જગ્યામાં દરોડો પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડામાં ટીમે ૧૧ જુગારીઓની ધરપકડ કરી ૨ લાખથી વધુનો મુદ્દામાલ સહિત કુલ ૩.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દરોડા સાથે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગાંધીનગરમાં પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંગઠિત જુગારધામનો પર્દાફાશ કર્યો છે. સ્ટેટ સર્વેલન્સ સેલની ટીમ આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન સંજરી પાર્ક પાસે સાબરમતી નદીના કિનારે લાઈટીંગની સુવિધા ઉભી કરી જુગારનો અડ્ડો ધમધમી રહ્યો હોવાની માહિતી મળી હતી. માહિતીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને બાતમી મળતા સ્થળ પર જઈને જુગારીઓ સર્કલમાં બેસીને જુગાર રમતા જોવા મળ્યા હતા. પોલીસ અચાનક આવી જતાં ગભરાયેલા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, આગોતરી તૈયારી સાથે આવેલી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે તુરંત ૧૧ જુગારીઓને પકડી લીધા હતા. જુગારીઓની પૂછપરછ કરતાં તેમના નામ ઈમ્તિયાઝ ઉર્ફે બચ્ચન રહીમખાન પઠાણ, પ્રકાશ ઉર્ફે હીતો બેચરાજી મકવાણા, અલ્ફાઝ નસીબમીયા શેખ, રંગુસિંગ રામસિંગ મકવાણા હોવાનું ખુલ્યું હતું. ઈન્દ્રસિંહ રામસિંહ રાજા દેવક, ઈરફાન ઉર્ફે કુંદન ફકીર મહંમદ શેખ વિક્રમસિંહ દિલીપસિંહ મકવાણા, ઝુબેરઅલી સબ્બીરઅલી સૈયદ, કુંવરજી હેમંતજી ઠાકોર, વિષ્ણુ સવજી રાવલ, ઝહીરખાન ઉસ્માન ખાને ફોલાડીને જણાવ્યું હતું. જ્યારે દરોડા દરમિયાન જુગારધામમાં લાઈટો ગોઠવી રહેલા જગુબેન દંતાણી અને નોકર સોહેલ ખાન નાસી છૂટ્યા બાદ સ્ટેટ સર્વેલન્સ સેલની ટીમે જુગારીઓ પાસેથી રૂ.૨ લાખથી વધુની રોકડ, ૧૨ મોબાઈલ ફોન અને બે વાહનો, જુગાર રમવાના સાધનો કબજે કર્યા હતા.

## મોરબીમાં શેરબજારમાં રોકાણના નામે લાખોની ઠગાઈ

। (એજન્સી) મોરબી, તા.૧૨ ।

મોરબીમાં શેરબજારમાં રોકાણને નામે લાખો રૂપિયાની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. જેમાં ઉમા ટાઉનશીપમાં આવેલ પરિશ્રમ એપાર્ટમેન્ટમાં રહેતા શૈલેષ ભાઈ નામના વ્યક્તિ સાથે ઠગાઈ થઈનામની વ્યક્તિ સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આરોપીએ વોટ્સએપ નંબર અને બેંક ખાતા નંબર પરથી ઠગાઈ કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે. આરોપીએ શેરબજારમાં સારો નફો આપવાનું કહીને આ છેતરપિંડી કરી હતી. શૈલેષભાઈ નારણભાઈ ઓધવીયાએ વોટસએપનંબર નંબર તેમજ બેક ખાતા નંબર પર થી ઠગાઈ થતા ફરિયાદ નોંધાવી હતી.ફરીયાદીનો વિશ્વાસ અને ભરોસો કેળવી ખોટુ નામ ધારણ કરી શેરબજારમાં રોકાણ કરવાના બહાને ઠગાઈ કરવામાં આવી જેમાં આરોપીએ કુલ ૩ ૧૩,૭૫,૦૦૦ જુદા જુદા બેંક એકાઉન્ટમાં આરોપીઓએ મેળવી લઈ ફરિયાદીના ભરેલ નાણા આજદીન સુધી પરત નહી આપી છેતરપીંડી કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

### બંધ પડેલી સી-પ્લેન સેવા પુનઃજીવિત કરવામાં આવશે

## ગુજરાતમાં સી-પ્લેન પ્રોજેક્ટ ફરી શરૂ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

વડાપ્રધાન મોદીએ થોડા સમય પહેલા વિશ્વના સૌથી સુંદર ટાપુ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. જે બાદ કેન્દ્રના પ્રવાસન વિભાગ અને નાગરિક ઉડ્ડયન વિભાગે સી પ્લેન લોન્ચ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, જે અંતર્ગત ગુરુવારે બપોરે વિદેશથી નવું સી પ્લેન અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યું હતું.ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષથી બંધ પડેલી સી-પ્લેન સેવા પુનઃજીવિત કરવામાં આવશે. કેન્દ્રના નાગરિક ઉડ્ડયન વિભાગ"સ મોદીની લક્ષદ્વીપ મુલાકાતના ૧૧ મહિના બાદ સી પ્લેન પ્રોજેક્ટ શરૂ કરવાની તૈયારી દર્શાવી છે. જ્યાં અમદાવાદ સહિત ૧૬ રૂટ પર સી-પ્લેન દોડાવવાની તૈયારી ચાલી રહી છે, જે અંતર્ગત ગુરુવારે નવું સી-પ્લેન અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યું હતું. લક્ષદ્વીપ ટાપુ સુધી સી પ્લેન સેવા શરૂ કરવા માટે સર્વે શરૂ કરવામાં આવ્યો છે, જેની જવાબદારી સ્પીજેટ એરલાઈન્સને સોંપવામાં આવી છે. આ



સાથે ગુજરાતમાં જુદા જુદા તબક્કામાં કામગીરી શરૂ કરવામાં આવશે. જેનો પ્રથમ તબક્કો શરૂ થઈ ગયો છે. જ્યાં સાબરમતી નદીથી રિવર ફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિત દ્વારકા સુધીના વિવિધ રૂટનો સમાવેશ કરવામાં આવ્યો છે. મતલબ કે અમદાવાદમાં બંધ કરાયેલી સી પ્લેન સેવા ફરી શરૂ થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૦માં વડાપ્રધાને સાબરમતી નદી પર સી પ્લેન સેવા શરૂ કરી હતી જે એક વર્ષ સુધી ચાલી હતી.

**વિશેષ**

### વેદ વિના મતિ નહીં અને ગાય વિના ગતિ નહીં : હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની

## જો ખેડૂતો રસાયણિક ખેતી નહીં છોડે તો, આવનારી પેઢીઓ માટે કંઈ નહીં બચે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) ગાંધીનગર ।

હરિયાણાના મુખ્યમંત્રી શ્રી નાયબસિંહ સૈનીએ મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મ જયંતિના અવસરે ગુરુકુલ કુરુક્ષેત્રમાં આયોજિત આર્ય મહાસંમેલનમાં વિશાળ સંખ્યામાં ઉમટેલા જનસમૂહને સંબોધતાં જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં વેદ અને ગાયનું વિશેષ મહત્વ છે. અહીં 'વેદ વિના મતિ નથી અને ગાય વિના ગતિ નથી' કહેવત પ્રખ્યાત છે. આર્ય સમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સમાજમાં વેદોના વ્યાપક પ્રચાર પ્રસાર માટે કામ કર્યું, અને ગાયના મહત્વને ઉજાગર કરતાં 'ગોકરુણાનિધિ' નામનું એક સંપૂર્ણ પુસ્તક પણ લખ્યું. સમાજને ગાયની ઉપયોગિતા સમજાવી.

હરિયાણાના મુખ્યમંત્રી શ્રી નાયબસિંહ સૈનીએ ગુજરાતના રાજ્યપાલ અને ગુરુકુલ કુરુક્ષેત્રના સંરક્ષક શ્રી આચાર્ય દેવવ્રતજીની કાર્યશૈલીની પ્રશંસા કરતાં જણાવ્યું કે, આચાર્યજીએ આ ગુરુકુલ જ્યારે જર્જરીત સ્થિતિમાં હતું ત્યારે તેનું સુકાન સંભાળ્યું અને નિસ્વાર્થ ભાવે દ્રઢ ઈચ્છાશક્તિથી કાર્ય કરીને તેને સફળતાના શિખરે પહોંચાડ્યું. તેમની જ મહેનતનું પરિણામ છે કે, ગુરુકુલ કુરુક્ષેત્ર આજે દેશનું એકમાત્ર એવું સંસ્થાન બન્યું છે, જ્યાંથી દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થી NDA, NEET, IIT, NIT માટે પસંદગી પામે છે. મહર્ષિ દયાનંદજીની ૨૦૦મી જન્મ જયંતિ પર તમામ આર્યજનોને અભિનંદન પાઠવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, સ્વામીજીએ હંમેશા સમાજની ઉન્નતિ માટે કાર્ય કર્યું. તેમણે સમાજમાં ફેલાયેલો પાખંડ, અંધશ્રદ્ધા, નાત જાતના ભેદ, સતીપ્રથા જેવી કુરીતિઓને નાબૂદ કરી અને મહિલા શિક્ષણ, વિધવા વિવાહ, ભાઈચારો, રાષ્ટ્રપ્રેમ અને ગૌરક્ષા પ્રત્યે નવી જાગૃતિ પેદા કરી. મહાસંમેલનને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતી પહેલા એવા વ્યકિત હતા જેઓએ અંગ્રેજોના





શાસનમાં 'સ્વરાજ'નો નારો આપ્યો. તેમનામાંથી પ્રેરણા લઈને ભગત સિંહ, સરદાર વલ્લભભાઈ પટેલ, મદનલાલ ઢીંગરા, સ્વામી શ્રદ્ધાનંદ જેવા વીર સપૂતોએ દેશની આઝાદી માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપી દીધું. અંગ્રેજોએ પ્રાચીન શિક્ષણ પદ્ધતિને નાબૂદ કરવા પ્રયત્નો કર્યા, તેમ છતાં સ્વામીજીના અનુયાયીઓએ ગુરુકુલ કુરુક્ષેત્ર, ગુરુકુલ ઈન્દ્રપ્રસ્થ, ગુરુકુલ સૂપા જેવા સંસ્થાનોની સ્થાપના કરીને ગુરુકુલ પદ્ધતિને પુનઃ પ્રસ્થાપિત કરી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નીતિઓનો ઉલ્લેખ કરતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી દેશની પ્રગતિ માટે પૂર્ણતઃ સમર્પિત છે અને ભારતીય સંસ્કૃતિ, યુવા પેઢીમાં સંસ્કાર અને નૈતિક મૂલ્યોના શિક્ષણ સાથે 'વિકસિત ભારત'નું નિર્માણ કરવા માંગે છે. આ સંકલ્પ અંતર્ગત તે દેશી ગાય પર આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે ચેતવણી આપી કે, રસાયણિક ખેતીના કારણે જમીન બંજર થઈ રહી છે, પાણી પ્રદૂષિત થઈ રહ્યું છે અને મિત્ર જીવો વિલુપ્ત થઈ રહ્યા છે. જો ખેડૂતો રસાયણિક ખેતી નહીં છોડે તો, આવતી પેઢીઓ માટે કંઈ નહીં બચે. આજકાલ કેન્સર, હૃદય રોગ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ જેવી ગંભીર બિમારીઓ ઘેર-ઘેર છે. વૈજ્ઞાનિકોનું સંશોધન તો ત્યાં સુધી કહે છે કે, મા ના દૂધમાં પણ યુરિયાની માત્રા જણાઈ છે. આ સમસ્યાનો એકમાત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે ગુજરાતમાં ૧૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવીને સુખમય જીવન જીવી રહ્યા છે. તેમણે આર્ય મહાસંમેલનમાં આવેલા આર્યજનોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે અપીલ કરી. અંતમાં હરિયાણાના મુખ્યમંત્રીએ આચાર્યજી સાથે ગુરુકુલની NDA વિંગનું નિરીક્ષણ કર્યું.

આ પ્રસંગે પરોપકારી સભા, અજમેરના મહામંત્રી કનૈયાલાલ આર્ય, આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ દેશબંધુ આર્ય, મહામંત્રી ઉમેદ શર્મા, ગુરુકુલના પ્રમુખ રાજકુમાર ગર્ગ, ડાયરેક્ટર બ્રિગેડિયર ડૉ. પ્રવીણકુમાર, આચાર્ય સૂબે પ્રતાપ, ઉત્તર પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ દેવેન્દ્રપાલ વર્મા, હરિયાણાના પૂર્વ મંત્રી સુભાષ સુધા, ડીડી શર્મા, સુભાષ કલસાના, સુશીલ રાણા સહિત વિવિધ સ્થળેથી આવેલા આર્ય વિદ્વાનો ઉપસ્થિત રહ્યા. મંચ સંચાલન વૈદિક વિદ્વાન ડૉ. રાજેન્દ્ર વિદ્યાલંકાર દ્વારા કરવામાં આવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




ઉજ્જૈનમાં કાલિદાસ સંસ્કૃત અકાદમીમાં ૬૭માં અખિલ ભારતીય કાલિદાસ ઉત્સવ’ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ જગદીપ મધ્યપ્રદેશ ધનખર, મુખ્યમંત્રી મોહન યાદવ, મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ અને મધ્યપ્રદેશ સરકારના કેન્દ્રીય મંત્રી ગૌતમ ટેટવાલ હાજર રહ્યા હતા.

## રૂપાલી ગાંગુલીએ તેની સાવકી પુત્રીને નોટિસ મોકલીને માનહાનિનો આરોપ લગાવ્યા



। (એજન્સી) મુંબઈ,તા.૧૨ ।

ટીવી સીરિયલ અનુપમા ફેમ અભિનેત્રી રૂપાલી ગાંગુલીએ તેની સાવકી પુત્રીને નોટિસ મોકલીને માનહાનિનો આરોપ લગાવ્યો છે. તેમજ રૂ. ૫૦ કરોડનું વળતર માંગ્યું છે. આ નોટિસ તેની સાવકી પુત્રી દ્વારા કરવામાં આવેલા દાવા બાદ મોકલવામાં આવી છે. આ અંગે રૂપાલી ગાંગુલીએ કહ્યું કે, દાવા બોગસ છે. આઈએએનએસ મુજબ, આ કાનુની નોટિસ ઈશાના ખોટા અને બેજવાબદાર નિવેદનના જવાબમાં મોકલવામાં આવી છે. ગાંગુલીના વકીલ અને બિગ બોસ ૧૯ ફેમ સના રઈસ ખાને નોટિસ મોકલી છે. ઈશાએ સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને ઈન્ટરવ્યુ દ્વારા અનુપમા પર તેના પિતા અશ્વિન કે વર્મા સાથે લગ્નેત્તર સંબંધ હોવાનો આરોપ લગાવ્યો હતો. ગાંગુલીના વકીલ સના રઈસ ખાને જણાવ્યું, અમે ગાંગુલીની સાવકી દીકરીને તેના ખોટા અને નુકસાનકારક નિવેદનોના જવાબમાં બદનક્ષીની નોટિસ ફટકારી છે. રૂપાલીએ તેના પર લાગેલા ખોટા આરોપીથી પોતાને બચાવવા માટે આ કાનૂની પગલું ભર્યું છે. આ પાયાવિહોણા આરોપોનો હેતુ રૂપાલી ગાંગુલીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો અને તેમની જાહેર પ્રતિષ્ઠાનો લાભ લેવાનો હતો. આવા કૃત્યોએ તેમને માત્ર ભાવનાત્મક તકલીફ જ નથી પહોંચાડી પરંતુ તેમની વ્યક્તિગત અને વ્યાવસાયિક છબીને પણ ખોટી રીતે કલંકિત કરી છે. ઈશાને મોકલવામાં આવેલી બદનક્ષીની નોટિસમાં લખવામાં આવ્યું છે, અમારી ક્લાયન્ટ જણાવે છે કે તે ટ્વિટર (હવે એક્સ) ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક સહિત અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પ્રકાશિત પોસ્ટ્સ અને ટિપ્પણીઓ જોઈને ચોંકી ગઈ હતી. રૂપાલી દ્વારા મોકલવામાં આવેલી બદનક્ષીની નોટિસમાં વધુમાં કહેવામાં આવ્યું છે, અમારા ક્લાયન્ટનો દાવો છે કે તમે જાહેરમાં તેની વિરુદ્ધ અપમાનજનક શબ્દો અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો છે. આનાથી તેની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે, તેની ગરિમાનું ઉલ્લંઘન થયું છે અને તેની કારકિર્દી પર પણ પ્રતિકૂળ અસર પડી છે, જેના કારણે તેને ઘણું સહન કરવું પડ્યું છે. નોટિસમાં વધુમાં કહેવામાં આવ્યું છે, અમારા ક્લાયન્ટને તમારી પાસેથી આવા દુર્ભાવનાપૂર્ણ વ્યવહારની અપેક્ષા નહોતી. કારણ કે તમારી ભારત મુલાકાત દરમિયાન તેમના દ્વારા હંમેશા તમારી સાથે સારો વ્યવહાર કરવામાં આવ્યો હતો. અમારા ક્લાયન્ટે તેણી અને તેના પતિની મદદથી તમને ભારતીય મનોરંજન ઉદ્યોગમાં પ્રવેશવાની તકો શોધવામાં મદદ કરી હતી. તમને ઘણા ફોટો શૂટ અને ઓડિશન અપાવ્યા હતા. રેડિટ પર એક પોસ્ટ વાયરલ થઈ હતી. જેમાં એક યુઝરે ઈશાની જૂની ફેસબુક કોમેન્ટનો કેટલોક હિસ્સો શેર કર્યો હતો. જેમાં રૂપા ગાંલગુલી પર તેના પતિ અશ્વિન સાથે સંબંધ રાખવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારે અશ્વિન પરણિત હતો.



મતદાન અધિકારીઓ મુંબઈમાં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા EVMની કામગીરી અંગેની તાલીમમાં ભાગ લીધો હતો.

### ધમકીનો મામલો બહાર આવ્યા બાદ ઈન્ડસ્ટ્રી અને ચાહકો આશ્ચર્યચકિત થયા

## શાહરૂખ ખાનને ધમકી આપનારની પોલીસે કરી ધરપકડ, ૫૦ લાખની કરી હતી માંગ

**પોલીસે આ મામલે તરત જ કાર્યવાહી કરી અને છત્તીસગઢના રાયપુરથી આજે મંગળવારે સવારે કથિત રીતે એક વ્યક્તિ ફૈઝાન ખાનની તેના ઘરેથી ધરપકડ કરી**

। (એજન્સી) મુંબઈ,તા.૧૨ ।

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકીનો મામલો બહાર આવ્યા બાદ ઈન્ડસ્ટ્રી અને ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. પોલીસે આ મામલે તરત જ કાર્યવાહી કરી અને છત્તીસગઢના રાયપુરથી આજે મંગળવારે સવારે કથિત રીતે એક વ્યક્તિ ફૈઝાન ખાનની તેના ઘરેથી ધરપકડ કરી છે. ફૈઝાનની ધરપકડ કરવા માટે વહેલી સવારે મુંબઈ પોલીસ ટ્રાન્ઝિટ રિમાન્ડ લઈને રાયપુર પહોંચી હતી. ફૈઝાનને હવે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ફૈઝાને કહ્યું હતું કે, તે બાંદ્રા પોલીસમાં નિવેદન નોંધવા માટે ૧૪ નવેમ્બરે મુંબઈ આવશે. જો કે, તેના પરિચિતોએ જણાવ્યું હતું કે, તેને છેલ્લા બે દિવસથી ઘણી ધમકીઓ મળી રહી છે, તેથી તેણે મુંબઈ પોલીસ કમિશ્નરને પત્ર લખ્યો હતો કે સુરક્ષાના કારણોસર, તે શારીરિક રીતે નહીં પરંતુ



ઓડિયો-વીડિયો માધ્યમ દ્વારા તેની સામે હાજર થવા માંગે છે. આ દરમિયાન CSP અજય સિંહ દ્વારા ફૈઝાન ખાનની ધરપકડ કરવામાં આવી છે અને આ માહિતી છત્તીસગઢ પોલીસને આપવામાં આવી છે. શાહરૂખ ખાનને ધમકી મળ્યા બાદ કેસની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસને કોલ ટ્રેસ કર્યા બાદ જાણવા મળ્યું કે કોલ રાયપુરથી કરવામાં આવ્યો હતો. જે નંબર પરથી કોલ કરવામાં આવ્યો હતો તે ફૈઝાન ખાન નામના વ્યક્તિનો હોવાનું બહાર આવ્યું હતું, જેની પોલીસે રાયપુરમાં પૂછપરછ કરી હતી. ફૈઝાને કહ્યું હતું કે, તેનો ફોન ૫ દિવસ પહેલા ૨જી નવેમ્બરે ચોરાઈ ગયો હતો.

### કેબ બુકિંગ કૌભાંડ

## પશ્ચિમ બંગાળના એક વ્યક્તિએ કેબ બુક કરાવતી વખતે ઓનલાઈન છેતરપિંડી કરી

**પીડિતાએ કર્ણાટકના ઉડુપીમાં કેબ બુક કરવાનો પ્રયાસ કર્યો આ પ્રયાસ દરમિયાન તે વ્યક્તિ ઓનલાઈન કૌભાંડમાં ફસાઈ ગયા**

। (એજન્સી) પશ્ચિમ બંગાળ,તા.૧૨ ।

આજના સમયમાં, જો આપણે ક્યાંય જવું હોય અને ઘરે કોઈ કાર ન હોય, તો અમે તરત જ અમારા ફોનથી કેબ બુક કરવાનું શરૂ કરીએ છીએ. માને છે કે ઓટો-રિક્ષા કે કેબ બહાર રસ્તાના કિનારે ઊભી રહે તેના કરતાં ઓનલાઈન બુકિંગ વધુ સારું છે. ઘણી વખત, સસ્તી કેબ અથવા ડિસ્કાઉન્ટની શોધમાં, આપણે ગૂગલ પર સર્ચ કરવાનું શરૂ કરીએ છીએ. પશ્ચિમ બંગાળના એક વ્યક્તિએ આવું જ કંઈક કર્યું પરંતુ તે વ્યક્તિ માટે કેબ બુક કરવી મોંઘી પડી ગઈ. હા, પશ્ચિમ બંગાળના એક વ્યક્તિએ કેબ બુક કરાવતી વખતે ઓનલાઈન છેતરપિંડી કરી હતી. પીડિતાએ કર્ણાટકના ઉડુપીમાં કેબ બુક કરવાનો પ્રયાસ કર્યો. આ પ્રયાસ દરમિયાન તે વ્યક્તિ ઓનલાઈન કૌભાંડમાં ફસાઈ ગયો અને થોડા જ સમયમાં તેણે ૪.૧ લાખ રૂપિયા ગુમાવ્યા. જણાવવામાં આવી રહ્યું છે કે છેતરપિંડીનું કારણ ગુગલ પર સર્ચ




કરાયેલી કાર રેન્ટલ વેબસાઈટમાં કાર્ડની વિગતો દાખલ કરનાર વ્યક્તિ છે. કેબ બુક કરાવતી વખતે તમારી સાથે આવું કંઈક ન થાય તે માટે, ચાલો આપણે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક બાબતો જણાવીએ.કેબ બુક કરાવતી વખતે તમારી સાથે છેતરપિંડી પણ થઈ શકે છે. તેથી, તમારે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. તે જ સમયે, જો તમારી સાથે છેતરપિંડી થાય છે, તો તરત જ સાયબર પોલીસમાં ફરિયાદ કરો. OTP કોઈની સાથે શેર કરશો નહીં.તમને જણાવી દઈએ કે કર્ણાટકના ઉડુપીમાં કેબ બુક કરાવનાર વ્યક્તિએ ગુગલ સર્ચમાં મળેલી શક્તિ કાર રેન્ટલ્સ નામની વેબસાઈટ પર ક્લિક કરીને છેતરપિંડી કરી હતી.


### સાંસદ રાઘવ ચઢ્ઢાએ ગઈ કાલે પોતાનો જન્મદિવસ ઉજવ્યો

## વો જિતના ચુપ મેરી ઉતની લંબી જુબાન’ અલગ અંદાજમાં પરિણીતિએ રાઘવ ચઢ્ઢા માટે કરી પોસ્ટ

**પરિણીતીએ રાઘવને કેવી રીતે મજબૂત બનવું, ભાવનાત્મક સ્થિરતાનું મૂલ્ય અને આદર અને પ્રેમનો સાચો અર્થ શીખવવા બદલ આભાર માન્યો**

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

AAP નેતા અને રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ ગઈ કાલે પોતાનો જન્મદિવસ ઉજવ્યો. તેઓ આ ખાસ પ્રસંગ માટે કાશી પહોંચ્યા હતા અને ગંગા આરતી પણ કરી હતી. આ ખાસ અવસર પર તેની સાથે પત્ની પરિણીતિ ચોપરા જોવા મળી હતી. પરિણીતી ચોપરાએ સોમવારે ઈન્સ્ટાગ્રામ પર તેના પતિના જન્મદિવસને ખાસ બનાવવા માટે કોઈ કસર છોડી નથી. પરિણીતિએ રાઘવ ચઢ્ઢા માટે તેના જન્મદિવસ પર એક ખાસ પોસ્ટ શેર કરી છે. તેના ભાવનાત્મક સંદેશમાં, પરિણીતીએ રાઘવને કેવી રીતે મજબૂત બનવું, ભાવનાત્મક સ્થિરતાનું મૂલ્ય અને



આદર અને પ્રેમનો સાચો અર્થ શીખવવા બદલ આભાર માન્યો. રાઘવને પ્રેમથી ‘રાગાઈ’ કહીને સંબોધતા પરિણીતી ચોપરાએ લખ્યું, ‘મારા રાગાઈને જન્મદિવસની શુભેચ્છા. તમારી દયા, પ્રામાણિકતા, ધૈર્ય અને પરિપક્વતા મને દરરોજ વધુ સારી વ્યક્તિ બનવાની પ્રેરણા આપે છે. તમે કૃપાથી મને દોરો છો અને મને મજબૂત બનવાનું, ભાવનાત્મક સ્થિરતાનું મૂલ્ય અને આદર અને પ્રેમનો સાચો અર્થ શીખવો છો. હું વચન આપું છું કે તમારી પાસેથી શીખવાનું ક્યારેય બંધ નહીં કરું. તમારા જેવા સજ્જનો હવે બનતા નથી. મને ખુશી છે કે ભગવાને મને તેમાંથી શ્રેષ્ઠ આપ્યું પરિણીતીએ એક સુંદર વીડિયો પણ પોસ્ટ કર્યો છે જેમાં તેની અને રાઘવની નિખાલસ ક્ષણો દર્શાવવામાં આવી છે. ક્લિપ બતાવે છે કે કેવી રીતે કપલ એકબીજાથી સંપૂર્ણપણે અલગ હોવા છતાં એકબીજાના પ્રેમમાં પાગલ છે. પરિણીતી અને રાઘવના લગ્ન ગયા વર્ષે ૪ સપ્ટેમ્બરે રાજસ્થાનના ઉદયપુરની લીલા પેલેસ હોટલમાં થયા હતા. તેમાં ફક્ત નજીકના મિત્રો અને પરિવારના સભ્યો જ હાજર હતા. પરિણીતીએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી માત્ર પસંદગીના લોકોને જ આમંત્રણ આપ્યું હતું. આ લગ્નમાં રાજનીતિ સાથે સંકળાયેલા અનેક લોકોએ હાજરી આપી હતી. તાજેતરમાં, કપલે માલદીવમાં તેમની પ્રથમ મેરેજ એનિવર્સરીનું સેલિબ્રેશન કર્યું પરિણીતી ચોપરાએ પણ તેમના પતિ રાઘવ માટે તેમની વર્ષગાંઠ પર એક ખાસ પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું હતું, ‘અમે ગઈકાલે શાંત દિવસ વિતાવ્યો હતો, જ્યાં માત્ર અમે બંને હતા. અમે તમારા બધા દ્વારા મોકલેલા અભિનંદન મેસેજ વાંચીએ છીએ.

## મૌલાના તૌકીર રઝાએ ફરી એકવાર ઘણા વિવાદાસ્પદ નિવેદનો આપ્યા

। (એજન્સી) જયપુર,તા.૧૨ ।

પોતાના નિવેદનોને લઈને અવારનવાર વિવાદોમાં રહેતા મૌલાના તૌકીર રઝાએ ફરી એકવાર ઘણા વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સમાં તૌકીર રઝાએ કહ્યું છે કે જયપુરમાં મારું નિવેદન સરકાર માટે હતું કે સરકારની આત્મા કંપી જશે પરંતુ તેને એવી રીતે રજૂ કરવામાં આવ્યું કે જાણે હિન્દુ સમાજ માટે હોય, પરંતુ એવું નથી. તૌકીર રઝાએ કહ્યું કે અમારા યુવાનો અમારા નિયંત્રણમાં છે અને અમે તેમને નિયંત્રણમાં રાખ્યા છે અને કોઈપણ સંજોગોમાં કાયદો તમારા હાથમાં ન લો. પરંતુ આનો અર્થ એ નથી કે આપણા યુવાનો કાયર છે. અમે માત્ર દેશમાં શાંતિ ઈચ્છીએ છીએ. મૌલાના તૌકીર રઝાએ કહ્યું કે હું હિન્દુ સમાજ વિશે વધુ વિચારું છું. હજારો મુસ્લિમ છોકરીઓને હિંદુ છોકરાઓએ ફસાવી હતી. શું હજારો હિંદુ છોકરીઓનો તે હિંદુ છોકરાઓ પર કોઈ અધિકાર હતો કે નહીં? તૌકીર રઝાએ વધુમાં કહ્યું હતું કે આપણા હિન્દુ યુવાનોને તેમના માતા-પિતા દ્વારા સારા સંસ્કાર નથી અપાતા. માતાપિતાએ પણ તેમના પર નજર રાખવી જોઈએ. પ્રેસ કોન્ફરન્સમાં તૌકીર રઝાએ એમ પણ કહ્યું કે મારા શબ્દો દેશના હિતમાં છે. મૌલાના તૌકીર રઝાએ પણ પીએમ મોદી વિશે ટિપ્પણી કરી છે. રઝાએ કહ્યું કે જો તમે પીએમે કહ્યું તેમ એકજૂટ રહેશો તો સુરક્ષિત રહેશો. PMએ PM તરીકે તેમની ક્ષમતા પ્રમાણે વાત કરવી જોઈએ. તેઓ ૧૪૦ કરોડ લોકોના પીએમ છે. તેમણે આ માત્ર હિંદુઓ માટે જ નહીં પરંતુ સમગ્ર ભારતના લોકો માટે કહ્યું હોત. તૌકીર રઝાએ કહ્યું કે જો આપણા દેશમાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરો આવી રહ્યા છે.

## એમેઝોન કંપનીના ડેટાને હાલમાં જ હેક કરવામાં આવ્યા

। (એજન્સી) મુંબઈ,તા.૧૨ ।

એમેઝોન કંપનીના ડેટાને હાલમાં જ હેક કરવામાં આવ્યા છે. આ કંપનીમાં કામ કરતાં કર્મચારીઓની જાણકારી ચોરી કરવામાં આવી છે. એમાં કર્મચારીઓના ફોન નંબર, એડ્રેસ અને ઈમેલ એડ્રેસનો સમાવેશ થાય છે. આ ન્યૂઝને પહેલા ૪૦૪ મીડિયા દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યું હતું, અને ત્યાર બાદ એમેઝોનના પ્રવક્તા દ્વારા એ વાતને સ્વીકારવામાં આવી હતી. એમેઝોનની સિક્યોરિટીને એક થર્ડ-પાર્ટી કંપની દ્વારા મેનેજ કરવામાં આવે છે. આ કંપનીના ડેટા ટ્રાન્સફર સિસ્ટમમાં પ્રોબ્લેમ હોવાના કારણે એ હેક કરવામાં આવ્યું હતું. આ પ્રોબ્લેમ ૨૦૨૩ના મે મહિનામાં સામે આવ્યો હતો. એ સમયે BBC, બ્રિટિશ એરવેઝ, સોની અને અમેરિકાનું એનર્જી ડિપાર્ટમેન્ટના ડેટા પણ લીક થયા હતા. આ ડેટાને એક હેકિંગ ફોરમ પર વેચવા માટે મૂકવામાં આવ્યું હતું. એમેઝોન દ્વારા એ વાતની પુષ્ટિ કરવામાં આવી છે કે તેમના ડેટા લીક થયા છે, પરંતુ તેમની સિસ્ટમમાં હજી સુધી કોઈ પ્રોબ્લેમ નથી આવ્યો અને એના પર કોઈ અટેક કરવામાં આવ્યો નથી. એમેઝોનના કેટલા ડેટા લીક થયા છે એ વિશે કોઈ માહિતી બહાર નથી આવી, પરંતુ સિસ્ટમ હજી પણ સિક્યોર છે. એમેઝોનના પ્રવક્તાના જણાવ્યા મુજબ આ લીકમાં કોઈપણ કર્મચારીના સોશિયલ સિક્યોરિટી નંબર અથવા પર્સનલ ડેટા અને નાણાકિય ડેટા લીક નથી થયા.

## હેરા ફેરી’ બાબુ રાવ, રાજુ અને ઘનશ્યામની ત્રિપુટી ફરી પાછી ફરી, સ્ટાઇલિશ અંદાજમાં રિયુનિયન

। (એજન્સી) મુંબઈ,તા.૧૨ ।

જ્યારે પણ બોલિવૂડની કલ્ટ કોમેડીની વાત આવે છે ત્યારે લોકોના હોઠ પર માત્ર એક જ નામ આવે છે અને તે છે ‘હેરા ફેરી’. અત્યાર સુધી આ ફિલ્મના બે ભાગ રિલીઝ થઈ ચૂક્યા છે અને બંને ખૂબ સફળ રહ્યા છે. એવું કહી શકાય કે અત્યાર સુધી આ એકમાત્ર એવી ફિલ્મ છે જેનો બીજો ભાગે દર્શકોને બિલકુલ નિરાશ ન કર્યા અને ત્રીજા ભાગ માટે આતુર રહી ગયો. આ ફિલ્મમાં બાબુ રાવ, રાજુ અને ઘનશ્યામની ત્રિપુટી શ્રેષ્ઠ હતી, જે અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટીએ ભજવી હતી. આ ત્રણેય પાત્રો ફિલ્મી દુનિયાના આઈકોનિક પાત્રો બની ગયા. ફિલ્મમાં દેખાતા સહાયક કલાકારો પણ લોકપ્રિય બન્યા અને આજે પણ તેમના મીમ્સ બનાવવામાં આવે છે, પછી તે તોતલા પ્રસાદ હોય કે કબીરા. કચરા શેઠને તો કોઈ ભૂલી શકતું નથી. હવે આ ફિલ્મ ફરી એકવાર સ્ક્રીન પર પરત ફરવાની તૈયારી કરી રહી છે. ફિલ્મના ત્રીજા ભાગની જાહેરાત થઈ ચૂકી છે અને હવે તેના ત્રણ મુખ્ય કલાકારો સાથે જોવા મળ્યા છે.

## તંત્રી લેખ...

# ગરમી અને ગતિઃ ધરતીના ગરમ થતા ભવિષ્યના સંકેતો

જ્યારે આપણે ધરતીના ભવિષ્યની વાત કરીએ છીએ ત હંમેશાં પ્રદૂષણની વાત કરીએ છીએ. માણસનાં કારનામાંથી સતત ગરમ થતી ધરતી ક્યારે કોને કેટલા પરેશાન કરશે, તે હજુ આપણે સારી રીતે નથી જાણતા. પરંતુ આ બધું તો ધરતીની સપાટી અને તેના વાયુમંડળની વાત છે. એવી ઘણી ગતિવિધિઓ છે, જે ધરતીની અંદર સતત ચાલી રહી છે. જમીનની બહુ નીચેના એ સ્તરોમાં, જેને આપણે ટેક્ટોનિક પ્લેટ્સ કહીએ છીએ, સતત હલચલ કરતી રહે છે. જ્યારે ક્યાંક ભૂકંપ આવે છે, તો આપણને તેનો અંદાજ આવે છે. આ હલચલને કારણે ધરતીનો નક્શો કેટલીય વાર બદલાયો છે. છેલ્લા કરોડો વર્ષોમાં મહાદ્વીપોનાં સ્વરૂપ વારંવાર બદલાયાં છે. આપણા પગની બહુ નીચે ચાલતી ગતિવિધિ પણ ધરતીનું ભવિષ્ય નિર્ધારિત કરે છે. બ્રિસ્ટોલ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક એલેક્ઝાન્ડર આ ટેક્ટોનિક પ્લેટ્સની ગતિનાં વલણ જોયાં અને જાણવાની કોશિશ કરી કે તેમની સક્રિયતાનો મામલો ક્યાં સુધી જશે? તેમણે સુપર કમ્પ્યૂટર પર તેનું એક મોડલ તૈયાર કર્યું અને જે પરિણામ મળ્યાં તે ચોંકાવનારાં છે. પરિણામો દર્શાવે છે કે ધીમે ધીમે ધરતીના મહાદ્વીપ પહેલાં ટકરાશે અને પછી પરસ્પર ભળી જશે. તેમના ભળ્યા બાદ જે સુપર મહાદ્વીપ બનશે, તેને 'પેંગિયા અલ્ટીમા' નામ આપવામાં આવ્યું છે. સુપર કમ્પ્યૂટરની તમામ ગણનાઓ દર્શાવે છે કે આ સુપર મહાદ્વીપ શુષ્ક અને ઘણો ગરમ હશે. એટલો ગરમ કે જીવનના મોટાભાગના રૂપ એ ગરમીને સહન નહીં કરી શકે અને નષ્ટ થઈ જશે. તે એટલો ગરમ થઈ જશે કે માનવ જાતિના રહેવાને લાયક પણ નહીં રહે. એક યુગ હતો જ્યારે પર્યાવરણમાં બદલાવને કારણે ધરતી પરથી ડાયનાસોર સંપૂર્ણ લુપ્ત થઈ ગયા હતા, એવો જ મહાવિનાશ ફરી એક વાર જોવા મળશે. વૈજ્ઞાનિકોનું કહેવું છેકે એ હાલતમાં ગરમીનો ત્રેવડો માર પડશે. સુપર મહાદ્વીપ તો ગરમ હશે જ, એ સમય સુધી સૂર્ય પણ વધારે ગરમ થઈ જશે અને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વધુ થઈ જવાને કારણે પણ ગરમી વધશે. સુપર મહાદ્વીપ બની જવાથી જમીનના મોટાભાગના હિસ્સા સમુદ્રથી બહુ દૂર હશે, તેથી સમુદ્રના પાણીની ઠંડક પણ ત્યાં નહીં પહોંચી શકે. સુપર મહાદ્વીપનો ૬ થી ૧૮ ટકા હિસ્સો જ સ્તનધારી જીવો માટે રહેવા લાયક રહેશે. જોકે આ બધું થવામાં લાખો કરોડો વર્ષ લાગવાનું અનુમાન છે.

# મહારાષ્ટ્રની રાજનીતિમાં ગડબડઃ કોંગ્રેસ, એનસીપી અને ઉદ્ધવ ઠાકરેના ગઠબંધનમાં ટકરાવ

મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ અઘાડીના હાથે મળેલ મહાયુતિને હારને કારણે એ આશા રાખવી ખોટી ન કહેવાય કે વિધાનસભા ચૂંટણીઓમાં પણ આવાં પરિણામ આવી શકે છે. લોકસભા ચૂંટણી વીત્યે વધુ સમય નથી થયો, તેથી માનવામાં આવે છે કે રાજ્યના મતદારોના મજાજમાં બહુ બદલાવ નથી આવ્યો. હાલમાં જ થયેલ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને લઈને એવી જ આશા રખાતી હતી. પરંતુ પરિણામ આશા કરતાં વિપરીત રહ્યાં. હરિયાણાનું પરિણામ સાક્ષી છે કે ભૂતકાળની બુનિયાદ પર લડાયા છતાં આગામી ચૂંટણીનાં પરિણામો આશા મુજબ ન રહી શકે. તેનું કારણ નિષ્ફળ રહેનારી રાજનીતિની પોતાની ભૂલો પણ હોઈ શકે છે અને સફલથનારી રાજનીતિની રણનીતિ પણ. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીના પ્રમુખ પક્ષો જે રીતે પરસ્પર ખેંચતાણમાં ગુલતાન છે, તેને કારણે અઘાડી જૂથમાં આશંકા વ્યક્ત કરાવા લાગી છે કે મહારાષ્ટ્ર પણ ક્યાંક હરિયાણા ન બની જાય! તેનું કારણ લાગે છે કે મહાવિકાસ અઘાડીની આંતરિક ખેંચતાણ. કોંગ્રેસ અને એનસીપીના સહયોગથી મુખ્યમંત્રી રહી ચૂકેલા ઉદ્ઘવ ઠાકરે ખુદને સ્વાભાવિક રૂપે અઘાડીના આગેવાન માની રહ્યા છે. પરંતુ અંદરખાને પોતાના પક્ષને આગળ રાખવાની દરેક વેતરણ કરી રહેલ કોંગ્રેસ નેતૃત્વની કોશિશ ખુદને આગળ રાખવાની છે. ગઠબંધનમાં પોતાના પક્ષને આગળ રાખવો ખોટું નથી, પરંતુ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આવું કઈ કિંમત પર થઈ રહ્યું છે? હકીકત તો એ છે કે કોંગ્રેસ કંઈક એવું જ પગલું ભરવાનું વિચારી રહી છે, જેવું તેણે ૨૦૦૪નાં ચૂંટણી પરિણામો બાદ ઉઠાવ્યું હતું. ત્યારે એનસીપી અને કોંગ્રેસે મળીને ચૂંટણી લડી હતી અને પરિણામોમાં વધારે સીટો એનસીપીએ જીતી હતી. ત્યારે કોંગ્રેસે મુખ્યમંત્રી પદ પર દાવો ઠોકી દીધો હતો, બલ્કે વિલાસરાવ દેશમુખને મુખ્યમંત્રી પણ બનાવી લીધા હતા. જ્યારે વધુ સીટો મેળવ્યા છતાં પણ એનસીપી સહયોગીની ભૂમિકામાં રહી ગઈ હતી. કોંગ્રેસ આ વખતે એવી ચાલો ચાલી રહી છે, જેનાથી તેના વધુ ધારાસભ્યો ચૂંટણી જીતે. જો એવું થશે તો તેના માટે મુખ્યમંત્રી પદ પર દાવો કરવાનું આસાન થશે. પરંતુ એું ન પણ થયું તો તે ૨૦૦૪ને દોહરાવવા માગશે. આ સમગ્ર પ્રક્રિયામાં કોંગ્રેસના સ્થાનિક નેતૃત્વની કોશિશ ઉદ્ઘવ ઠાકરેની દોડમાં પાછળ છોડવાનો છે. કોંગ્રેસ પોતાના ચૂંટણી અભિયાનમાં શરદ પવારની આગેવાનીવાળી એનસીપીનો ખ્યાલ તો રાખી રહી છે, પરંતુ શિવસેના-ઉદ્ઘવ સાથે એવો તાલમેલ નથી દેખાડી રહી. શરદ પવાર કોંગ્રેસમાંથી નીકળેલા જ નેતા છે. તેમની વૈચારિક ધારા કોંગ્રેસી માનસિકતાની આસપાસ ફરે છે. બંને પક્ષોની રાજકીય માનસિકતા જ નહીં, જમીન પણ એક જ છે. જ્યારે શિવસેના-ઉદ્ઘવની રાજકીય જમીન જ નહીં, વિચારધારા પણ અલગ છે. ઉદ્ઘવના વોટરો અને કોંગ્રેસના વોટરોનો મિજાજ અને જમીન પણ અલગ-અલગ છે. પાછલી લોકસભા ચૂંટણીમાં જો રાજ્યની ૪૮ સીટોમાંથી ૧૩ પર કોંગ્રેસ જીતવામાં સફળ રહી તો તેનું મોટું કારણ એનસીપીના વોટરોનો સહયોગ નહીં, બલ્કે શિવસેના-ઉદ્ઘવના વોટરોનો સાથ રહ્યો. એમ પણ સમાન વૈચારિક રાજકીય બુનિયાદને કારણે એનસીપીના પ્રભાવવાળા વિસ્તારોમાં કોંગ્રેસ અને કોંગ્રેસના પ્રભાવવાળા વિસ્તારોમાં એનસીપીએ પોતાના ઉમેદવાર નથી ઉતાર્યા. હકીકત એ જ છે કે કોંગ્રેસ અને ઉદ્ઘવ કે પછી એનસીપી અને ઉદ્ઘવના વોટરોના મિલને મહારાષ્ટ્રની રાજનીતિમાં નવી ઈબારત લખી. પરંતુ કોંગ્રેસનું સ્થાનિક નેતૃત્વ તેને સમજી નથી રહ્યું, બલ્કે શરદ પવારની એનસીપીના જૂથને વધારે પ્રાથમિકતા આપી રહ્યું છે. આ દરમ્યાન શરદ પવારે આ ચૂંટણી બાદ રાજકારણમાંથી સંન્યાસ લેવાના સંકેત આપી દીધા છે. માનવામાં આવે છે કે આ તેમનો લાગણીશીલ દાવ પણ હોઈ શકે છે. સંન્યાસના સંકેત દ્વારા શરદ પવાર મતદારોને સંકેત આપી રહ્યા છે કે તેમની આખરી ચૂંટણીમાં તેમને તક આપે. તેના દ્વારા તેઓ એક તરફ વોટરોની હમદર્દી હાંસલ કરવાની કોશશ કરી રહ્યા છે તો બીજી તરફ તે અજિત પવારના જૂથને હરાવવાની કોશિશ કરી રહ્યા છે, તો બીજી તરફ તેઓ અજિત પવારના જૂથને પછાડવાની કોશિશ કરી રહ્યા છે.

આજની પેઢીને માત્ર રીત રિવાજ કે પરંપરામાં જોતરવાનો આગ્રહ રાખ્યા વગર, પોતાની જીવનસાથી એ કેવાં કેવાં કપરાં સમયમાં એને સાથ આપ્યો

# કુમુદ બેનને કંઈ બિમારી હતી? અને એની માટે કોણ જવાબદાર હતું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજની પેઢીને માત્ર રીત રિવાજ કે પરંપરામાં જોતરવાનો આગ્રહ રાખ્યા વગર, પોતાની જીવનસાથી એ કેવાં કેવાં કપરાં સમયમાં એને સાથ આપ્યો અને ત્યારે આજે આ મુકામ છે એ પણ કહેવું જોઈએ દરેક સ્ત્રી પુરુષ એ એકબીજાના સપોર્ટમાં કહી એમનું સન્માન આપવું જોઈએ.**

હમણાં ઘરમાં એકસાથે ત્રણ પેઢી ભેગી થઈ અને પેઢી દર પેઢીના જનરેશન ગેપની ચર્ચા ચાલી! ઘણીવાર સંબંધોના તાણાવાણા એટલાં સુક્ષ્મ ગુંથાયેલા હોય છે કે જોનારાને એની ગુંચ દેખાતી નથી. પણ આજની પેઢીને માત્ર રીત રિવાજ કે પરંપરામાં જોતરવાનો આગ્રહ રાખ્યા વગર, પોતાની જીવનસાથી એ કેવાં કેવાં કપરાં સમયમાં એને સાથ આપ્યો અને ત્યારે આજે આ મુકામ છે એ પણ કહેવું જોઈએ દરેક સ્ત્રી પુરુષ એ એકબીજાના સપોર્ટ માં કહી એમનું સન્માન આપવું જોઈએ. વિધાત્રી વૈદ્યનાં ક્લિનિકથી થોડે આગળથી જ મેઈન બજાર શરૂ થતી હતી, અને તહેવારો આવતા હોવાથી બધા દુકાનદારોને આશા રહેતી કે, આજે ઘરાકી થશે અને ધંધો પણ થશે. પરંતુ આ કોરોના કાળમાં થયેલા દેવાં ને કારણે શ્રમજીવી વર્ગ મધ્યમ વર્ગ બધાને થોડી રૂપિયા પૈસાની તંગી હજી દેખાતી હતી, એટલે બજારમાં જોઈએ એવો ઘસારો ન્હોતો, એ મનોમન વિચારતા હતાં કે ઝડપથી હવે આ બધું પૂરું થાય તો સારું, લોકોને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. થોડીવારમાં પ્રમાણમાં સુખી કહી શકાય એવા ઘરના કમલેશ ભાઈ ને કુમુદબેન તેના ક્લિનિકમાં આવ્યાં, અને એમણે રજૂઆત કરી કે આ તેમના ધર્મ પત્ની છે, અને તેમને એક ખરાબ ટેવ છે, કપડાં કાતરી નાખવાની. વિધાત્રી વૈદ્ય તો આશ્ચર્યથી જોઈ રહ્યાં, એમણે કહ્યું કે મારા દીકરાનાં દીકરી અને દીકરા શહેરમાં ભણે છે, દિવાળી અંતર્ગત ઘરે આવ્યા છે. તો કોઈ જુએ નહીં તેમ કોઈ તેના કપડાં કાતરથી કાપી નાખતુ હતું, પણ કાલે હાથોહાથ તે ઝડપાઈ ગઈ, અને આશ્ચર્યની વાત તો એ છે કે કાતરથી નવા કપડા કાપી અને તે ખૂબ જ ખુશ થતી હતી. મારે પરિવારને કેમ કહેવું કે, આ તો આ જ આવું કરે છે. અત્યારે મોંઘવારી કેટલી છે, અને નવા નવા કપડાં કાપી નાખે તો કેમ ચાલે! મારા એક મિત્ર એ આપનું નામ જણાવ્યું, અને કહ્યું કે બેન બહુ સારા ડોક્ટર છે તમે ત્યાં આગળ લઈ જાવ. ડોક્ટરે પૂછ્યું કે તેના અતીતમાં કંઈ એવું થયું છે? પેલા સજ્જને કહ્યું કે ના અમે તો સાવ સામાન્ય સ્થિતીના હતાં, અને છોકરાઓને તો માંડ માંડ ઉછેર્યા છે. ખૂબ જ પરિશ્રમ ભર્યું જીવન હતું, પતિ-પત્ની બંને જણા ખૂબ મહેનત કરતાં હતાં, ત્યારે દીકરાઓ ભણ્યા અને સારા પગારની નોકરી એ લાગ્યા છે, એટલે થોડા સારા દિવસો છે એમ કહી શકાય. મારી પત્ની કુમુદ દેખાવે ખૂબ જ સુંદર હતી અને તેને પણ પહેરવા ઓઢવાનો ખૂબ જ શોખ હતો, પરંતુ ક્યારેય એવી પરિસ્થિતિ નહોતી, એટલે અમે બંને જણાએ અમારા મોજશોખ બધું જ ભૂલીને છોકરાઓ ઉછેરવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ડોક્ટર એ પૂછ્યું કે હવે તમે એને સારી રીતે રાખો છો? એટલે કે કપડાં એના શોખ મુજબના હવે મળે છે કે નહીં? કમલેશભાઈએ કહ્યુ કે આમ તો હવે ઉંમર થઈ ગઈ છે, એટલે દીકરા-દીકરી પહેરે ઓઢે એમાં જ અમે રાજી, પરંતુ કુમુદ ને ક્યારેક નવા કપડા લેવાની ઈચ્છા થાય, કે ફરવા જવાની ઈચ્છા થાય તો હું ક્યારેય ના પાડતો નથી, અને દીકરાઓ પણ ના પાડતા નથી. ડોક્ટરને તરત સમજાઈ ગયું કે જુવાનીમાં મોજશોખ પુરા થયાં નથી, એટલે માડી આવું કરે છે, પરંતુ કંઈક બન્યું હશે. એમણે પહેલા કમલેશભાઈ સાથે એકલા વાત કરી અને કહ્યું કે બજારમાંથી એક સુંદર સાડી ખરીદી આવો, પછી કુમુદ બેન સાથે વાત કરી એની ફીટનેસનાં વખાણ કર્યા અને સુંદરતાનાં પણ વખાણ કર્યાં. કમલેશભાઈ એક સુંદર સાડી ડોક્ટરે કહ્યા મુજબની ખરીદી લાવ્યાં, પરંતુ કુમુદ બેને એ સાડી દૂર ફેંકી દેતાં કહ્યું કે, મારે કંઈ જ જોઈતું નથી, ઘરનાં તો બધા મને ઘરડી થઈ ગયેલી માને છે. આ ઉપરાંત એણે કહ્યું કે એક વાર એવું બન્યું કે મેં એક સાડી ખરીદી,અને પ્રસંગોપાત પહેરીને તૈયાર થઈ, તો દીકરાની વહુ છાનીમાની હસતી હસતી બોલવા લાગી કે, ગઢે ગઢપણ ડોશીને જુવાની યાદ આવી, બસ પછીથી કોઈ દિવસ મેં એ સાડી પહેરી નહીં, અને ક્યારેય નવા કપડાં પણ પહેર્યા નહીં. જ્યારે યુવાની હતી ત્યારે ખૂબ જ સંઘર્ષ ભર્યું જીવન હોવાથી કંઈ માણ્યું નહીં, અને ઘરના બધા એ ભૂલી ગયા,એ વાતે મનમાં પીડા રહેતી. ખૂબ પરિશ્રમ કર્યો હોવાથી શરીર સપ્રમાણ હતું, એટલે હજી બધી પ્રકારના પોષાક મને પણ સારાં લાગે, પણ પહેરવા મળતા નથી,અને ઉપરથી બલિદાન પણ એળે ગયું,અને આ બધા મોજ કરે છે, એટલે શું કરું! શું કરું! એમ વિચારતી હતી, ત્યાં વિચાર આવ્યો કે, હું પણ ન પહેરું ને કોઈ ને પણ પહેરવાં ન દઉં!! બસ ત્યારથી આ ખેલ શરૂ થયો, એમના કપડાં રુમમાં લાવી થઈ રહે તેવા હોય તો પહેરી ખુશ થાઉં ને પછી કાપી નાખું!! ડોક્ટરે કમલેશ ભાઈને એકલા મળ્યાં અને કહ્યું કે કુમુદ બેનનાં વર્તન પાછળ તમે જવાબદાર છો, દીકરાની વહુને અને તેમના સંતાનોને કુમુદ બેનનાં ત્યાગ સમર્પણ અને બલિદાન વિશે જાણતા ન હોય, એટલે પારિવારિક વાતો દરમિયાન આ બધી વાતનો ઉલ્લેખ કરીને તેને પ્રાઉડ ફિલ કરાવવું એ દરેક પતિની ફરજમાં આવે છે, જે તમે ચૂકી ગયા છો, એટલે હવે બધા જ બેઠા હોય ત્યારે તમારા ભૂતકાળનાં પ્રસંગો કે જેમાં કુમુદ બેનનાં ત્યાગની વાત હોય,સમર્પણની વાત હોય, એવી વાત કરી એને માન અપાવજો. મિત્રો દિવાળીના તહેવારમાં બધા એ ખૂબ ખરીદી કરી અને આજની જનરેશન ફેશન પરત્વે વધુ પ્રભાવિત થાય છે, એટલે આડો આક વાળ્યો હશે! પણ પોતાનો પરિવાર કેવી પરિસ્થિતિ માંથી ઉપર ઉઠ્યો છે, અને વડીલો એ કેટલું ત્યાગયું ત્યારે આ દિવસ આવ્યા છે,એ આ પેઢીને જણાવવું જરૂરી છે, અને એનું માન જળવાય રહેવું બહુ આવશ્યક છે. ઘણીવાર વાત સાવ નાની હોય પણ પરિણામ એનું બહુ ખતરનાક હોય છે એટલે! અને આમ પણ દરેક પતિ એ એની પત્નીના ત્યાગ અને સમર્પણ ને યાદ રાખી એને પોતે એની માટે સ્પેશ્યલ છે એવું ફીલ કરાવવું એ આજની પેઢી પાસેથી શીખવા જેવું! અને એમાં કંઈ ખોટું પણ નથી પતિ પત્ની એ સંસાર રથનાં બે પૈડાં છે અને જો એકપણ પૈડાંમાં પંચર પડે તો જીવન ચાલતું અટકી જાય છે.

અભિમાનથી વંદન ભક્તિનો નાશ થાય છે, લોકો દેહની પૂજા બહુ કરે છે એટલે ઠાકોરજીની પૂજા-સેવા કરવાનો તેને સમય ક્યાંથી મળે?

# કળિયુગમાં જગતમાં અધર્મ વધ્યો છે તેથી જ્ઞાન વૈરાગ્યને મૂર્છા આવી છે, તેથી ભક્તિ રડે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સર્વમાં શ્રીકૃષ્ણની ભાવના રાખી સર્વને વંદન કરો, વંદન કરવાથી વિરોધનો નાશ થાય છે, નરસિંહ મહેતાએ વૈષ્ણવ ભક્તનું લક્ષણ બતાવ્યું છે કે, વૈષ્ણવજન તો સકલ લોકમાં સહુને વંદે, વંદે એ વૈષ્ણવ, વંદન માગે એ વૈષ્ણવ નહીં, હુંપણું હશે ત્યાં સુધી ભક્તિ વધશે નહીં, હુંપણું એટલે અભિમાન, અભિમાનથી વંદન ભક્તિનો નાશ થાય છે, આજકાલ લોકો દેહની પૂજા બહુ કરે છે, એટલે ઠાકોરજીની પૂજા-સેવા કરવાનો તેને સમય ક્યાંથી મળે? દેહ પૂજા વધી એટલે દેવ સેવા ગઈ, લોકોએ અનેક પ્રકારના સાબુ શોધી કાઢયા છે.**




સૌને જય માતાજી, એક દિવસ વહેલી એટલે કે ભાવિક ભક્તોની ભીડ વધતાં વહીવટી તંત્રએ દશમથી જ લીલી પરિક્રમાનો પ્રારંભ કરાવ્યો આજે ત્રીજો દિવસ ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં લિન થઈ ચિંતન કરી રહયા છીએ.આજે તેરમી નવેમ્બર ગુજરાતમાં એકમાત્ર વાવ વિધાન સભાની પેટા ચુંટણી નો ખરાખરીનો જંગ જામ્યો છે અને આજે મતદાન થતાં શાંત થશે.. ભાજપ કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.૨૩મી નવેમ્બરે ખબર પડશે કે માવજીભાઈ શંકરભાઈ કે ગેનીબેનમાંથી કોણ નસીબદાર રહયું. સીઆર નો સીઆર અક્કબંધ રહેશે.. વિધાન સભાના અધ્યક્ષની પદની પ્રતિષ્ઠા જળવાશે.. આગે આગે દેખો હોતા હે ક્યા? ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનનમાં જોઈએ તો ભક્તિના નવ અંગ છે, તેથી નવધા ભક્તિ કહે છે. તેમાં પહેલું શ્રવણ. કેવળ કથા સાંભળવાથી ભક્તિ પૂર્ણ થતી નથી. સાંભળ્યું હોય તેનું મનન કરવું. મનન કરી જેટલું જીવનમાં ઊતાર્યું તેટલું સાંભળ્યું ગણાય.કથા સાંભળવા થી પાપ બળે છે, પરંતુ મનન કરવાથી અને જીવનમાં ઊતારવાથી મુક્તિ મળે છે. મનન ન કરવાથી શ્રવણ સફળ થતું નથી છિન્નભિન્ન થઈ જાય છે. હવે કીર્તનભક્તિ બગડી. ધનનો લોભ છૂટે પણ કીર્તિનો મોહ છૂટવો કઠિન છે. કીર્તિનો મોહ જ્ઞાનીને પણ પજવે છે. જો કે સાચા જ્ઞાનીને અપમાન વહાલું છે, ને માન ખરાબ લાગે છે. કથા-કીર્તનમાં અનાયાસે જગત ભૂલાઈ જાય છે. બાકી મનુષ્ય માળા લઈને બેસે છે, ત્યારે તો તેને જગત યાદ આવે છે. કથામાં બેસો ત્યારે સંસાર-વ્યવહારના વિચારો કાઢી નાંખો. હું મારા શ્રીકૃષ્ણના ચરણમાં છું એવી ભાવના કરો. કીર્તનભક્તિ નિષ્કામ હોવી જોઈએ. તુલસીદાસજીએ કહ્યું છે કે, મારા સુખ માટે હું કથા કરું છું. બીજાને સુખ મળે છે તેની મને ખબર નથી પણ મારા મનને આનંદ મળે છે તેથી કથા કરું છું. સર્વમાં શ્રીકૃષ્ણની ભાવના રાખી સર્વને વંદન કરો. વંદન કરવાથી વિરોધનો નાશ થાય છે. નરસિંહ મહેતાએ વૈષ્ણવ ભક્તનું લક્ષણ બતાવ્યું છે કે, વૈષ્ણવજન તો સકલ લોકમાં સહુને વંદે. વંદે એ વૈષ્ણવ. વંદન માગે એ વૈષ્ણવ નહીં. હુંપણું હશે ત્યાં સુધી ભક્તિ વધશે નહીં. હુંપણું એટલે અભિમાન.અભિમાનથી વંદન ભક્તિનો નાશ થાય છે.આજકાલ લોકો દેહની પૂજા બહુ કરે છે. એટલે ઠાકોરજીની પૂજા- સેવા કરવાનો તેને સમય ક્યાંથી મળે? દેહ પૂજા વધી એટલે દેવ સેવા ગઈ.લોકોએ અનેક પ્રકારના સાબુ શોધી કાઢ્યા છે.એ સાબુ ઘસવા થી શરીરનો રંગ સુધરવાનો નથી. પણ ભક્તિનો સાબુ લગાડો તો અંદરનો રંગ સુધરશે. એ જ સાચો રંગ છે. શરીરને લોકો શણગારતા થયા ત્યારથી અર્ચન અને ભક્તિ ગઈ, માટે જીવન સાદું રાખો. આવી રીતે ભક્તિના એક અંગનો વિનાશ થયો. એટલે જીવ ઈશ્વરથી વિમુખ થયો,ઠાકોરજીથી વિમુખ થયો. બુદ્ધિનો અતિરેક થાય એટલે ભક્તિ છિન્નભિન્ન થાય. ભક્તિનાં બે બાળકો છે.એક જ્ઞાન અને બીજો વૈરાગ્ય. જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિનો આદર થાય કળિયુગમાં જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધ થાય છે એટલે કે વધતા નથી. જ્ઞાન પુસ્તકમાં આપીને પુરાયું, ત્યારથી જ્ઞાન ગયું. કળિયુગમાં જગતમાં અધર્મ વધ્યો છે તેથી જ્ઞાન વૈરાગ્યને મૂર્છા આવી છે, તેથી ભક્તિ રડે છે. કળિયુગમાં જ્ઞાન વૈરાગ્યની ઉપેક્ષા થાય છે. એટલે તે વૃદ્ધ થયાં છે. નારદજી કહે છે કે, થાપ અનેક પ્રયત્નો કર્યા વૈરાગ્ય સાથે હું ભક્તિને બઢાવીશ.હું પણ જ્ઞાન વૈરાગ્યની મૂર્છા ઊતરી નહીં. વેદની નહીં. વેદવેદાંગના પારાયણ કર્યા તો છે,વેદનો અર્થ જલદી સમજાતો નથી. એટલે વેદોનાં પારાયણ કરવાથી મૂર્છા ઊતરી નહીં. આપણું હૃદય એ વૃંદાવન છે. હૃદય વૃંદાવન કોઈ કોઈ વખત ઉપનિષદના અને વેદના જ્ઞાન વૈરાગ્ય જાગે છે. પણ તે મૂર્છામાં પડે છે. તે વૈરાગ્ય ટકતું નથી. સ્મશાનમાં ચિતા બળતી જોઈ કેટલાકને વૈરાગ્ય આવે છે, સંસારના વિષયો ભોગવ્યા પછી વૈરાગ્ય આવે છે પણ તે ટકતું નથ વિષયો ભોગવે એટલે તેના પ્રત્યે અરુચિ તો આવે છે પરંતુ તે વૈરાગ્ય અને વિવેક વગરની હોવા કાયમ ટકતી નથી. કળિયુગમાં તો શ્રીકૃષ્ણની કથા, અને શ્રીકૃષ્ણના કીર્તનથી જ જ્ઞાનવૈરાગ જાગૃત થાય છે. કંઈ વાળ ભાષા જ્ઞાન વૈરાગ્યની મૂર્છા ઊતરતી નથી. એટલે નારદજી ચિંતામાં પડી જાય છે ત્યારે આકાશવાણે થાય છે કે, જ્ઞાનવૈરાગ્ય સાથે ભક્તિને પૃષ્ટ કરે તેવું સત્કર્મ કરો! નારદજી અનેક સાધુસંતોને પૂર્ણ કે, જ્ઞાન વૈરાગ્ય સાથે ભક્તિને પુષ્ટિ મળે તેવો ઉપાય બતાવો. પણ કોઈ નિશ્ચિત ઉપાય બતાવ શક્યા નહીં ત્યારે નારદજી ફરતા ફરતા બદરિકાશ્રમમાં આવ્યા.ત્યાં તેમણે સનકા દિ મુનિઓને જોયા. ઉપર જણાવ્યા મુજબ સનકાદિ ઋષિઓ અને નારદજીનું મિલન થયું. નારદજી સનતકુમારો ને બધી બિના કહી સંભળાવી. નારદજી કહે જે દેશમાં હું જન્મ્યો તે દેશને ઉપયોગી ન થાઉં તો મારું જીવન વૃથા છે. આપ બતાવો, હું શું સત્કર્મ કરું? સનકાદિ મુનિઓ કહે છે દેશના દુઃખે તમે દુઃખી છો. તમારી એ ભાવના દિવ્ય છે, મંગલમય ભક્તિ નો પ્રચાર કરવાની તમારી ઈચ્છા છે, તો હવે તમે ભાગવત જ્ઞાન- યજ્ઞનું પારાયણ કરો. તેનો પ્રચાર કરો,તેથી લોકોનું કલ્યાણ થશે. આ કથાના શ્રવણથી જ્ઞાન અને વૈરાગ્યની જાગૃતિ થશે. ભાગવતની કથા જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને વધારનારી છે માટે તમે સર્વ વેદોના સાર સમ આ ભાગવત જ્ઞાનયજ્ઞ કરો. ભાગવત કથામૃતનું પાન કરવા ત્યાંથી તેઓ બધા ગંગાકિનારે આવ્યા, કારણ કે ગંગા જ્ઞાનભૂમિ છે. ભૂમિની અસર સૂક્ષ્મ રીતે મન ઉપર થાય છે. ભોગભૂમિએ ભક્તિમાં બાધક છે.નારદજી સનત સાથે વ્યાસાશ્રમમાં આવ્યા છે. નારદજી હાથ જોડીને બેઠા છે. ત્યાં ઋષિ મુનિઓ પણ ભાગ વત કથાનું પાન કરવા આવ્યા છે. જે નહોતા આવ્યાને એક-એકના ઘરે ભૃગુ ઋષિ જાય છે અને વિનયથી વંદન કરી માનવીને કથા માં લઈ આવે છે. સત્ કર્મમાં બીજા ને પ્રેરણા આપી પ્રવૃત્ત કરે તેને પણ પુણ્ય મળે છે. નારદજી આજે શ્રોતા થઈને બેઠા છે. કથાના આરંભમાં જયજયકાર થાય છે અને મહા મંત્ર 'હરિયે નમઃ 'નો શબ્દોચ્ચાર થાય છે. બધી પ્રવૃતિ છોડીને મનુષ્ય ધ્યાન માં બેસે છે,ત્યારે માયા વિઘ્ન નાખે છે.અનાદિકાળથી મનુષ્યનું માયા સાથે યુદ્ધ થતું આવ્યું છે, જીવ ઈશ્વર પાસે જાય તે માયાને ગમતું નથી. માયાનું એક સ્વરૂપ નથી. ઈશ્વર જેમ વ્યાપક છે,તેમ માયા પણ વ્યાપક છે. જીવ અને ઈશ્વર મિલનમાં માયા વિઘ્ન કરે છે.માયા મનને ચંચળ બનાવે છે.માયા મનુષ્યને સમજાવે છે કે, સ્ત્રી વગેરે માં જ સુખ છે. મનુષ્યને માયા હરાવે છે. મનુષ્યની હાર થાય છે, માયાની જીત થાય છે. કારણ મનુષ્ય ભગવાનનો પાલવ પકડતો નથી. કથા ભજનમાં ઈશ્વરનો પ્રેમથી જયજયંકાર કરવો. માયાની હાર થાય અને મારી જીત થાય. પ્રભુનો જયજય કાર કરો, તો તમારો પણ જય થશે,જીત થશે.આભાગવતી કથા અતિ દિવ્ય છે. આ કથા જે પ્રેમથી શ્રવણ કરશેતેના કાન દ્વારા પરમાત્મા હૃદયમાં આવશે.નેત્ર અને શ્રોત્રને જે પવિત્ર રાખે છે તેના હૃદયમાં પરમાત્મા આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કાન દ્વારા, આંખ દ્વારા મનમાં આવે છે. વારંવાર શ્રીકૃષ્ણ કથા સાંભળવા થી શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે. આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા -સાધન છે. માટે આંખ અને કાન બંને પવિત્ર રાખો. ત્યાં શ્રીકૃષ્ણને પધરાવો. દરેક સત્કર્મના આરંભમાં શાંતિ પાઠ કરવામાં આવે છે. તેનો મંત્ર છે કે હે દેવ! કાનો વડે અમે ભદ્ર વચનો સાંભળી એ!કાન અને આંખ પવિત્ર થાય પછી સત્કાર્યનો આરંભ થાય.ગોર મહા રાજ આંખે,કાને પાણી અડાડવાનું કહે છે તેનું આ રહસ્ય છે.અહીં પણ નેત્ર શ્રોત્રને પવિત્ર કર્યા પછી કથા નો આરંભ થયો છે. શુદ્ધ ઈન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઈન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી. આપણું કાળજું બગડયું છે. આ ભાગવત ગ્રંથમાં અઢાર હજાર શ્લોક છે. અઢાર એટલે ૧+૮= ૯. અઢારની સંખ્યા પરિ પૂર્ણ છે. રામ પરિપૂર્ણ છે તેથી નવમીને દિવસે પ્રગટ થયા છે. શ્રીકૃષ્ણ નવમીએ ગોકુળ આવ્યા ત્યારે નંદ મહોત્સવ કરવામાં આવે છે.રામજીની બાર કળા અને શ્રીકૃષ્ણની સોળ કળા એવો એ બેઉમાં ભેદ કરશો નહીં. ભાગવતમાં મુખ્ય કથા છે નંદ મહોત્સવની. તેના શ્લોક પણ અઢાર છે. ગીતાજીમાં કુલ અધ્યાય અઢાર છે અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોના શ્લોકો પણ અઢાર છે. ભાગવત નારાયણ નું સ્વરૂપ છે. ભગવાન ગોલોક પધાર્યા ત્યારે પોતાનું તેજ સ્વરૂપ આ ગ્રંથમાં પધરાવ્યું તેમ એકાદશ સ્કંધમાં લખ્યું છે તેથી ભાગવત છે તે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ ઉદ્ધવજીએ ભગવાનને પૂછેલું કે, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે, ત્યારે ધર્મ કોને શરણે જશે? ભગવાને ત્યારે કહ્યું છે કે મારા ભાગવતનો આશ્રય લેશે તેના ઘરમાં કળિ આવશે નહીં. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત વાવ વિધાન સભાની પેટા ચૂંટણી મત દાન મથકો પર મતદાન ચાલુ છે. ભાજપ કોઈપણ રીતે આ બેઠકને પોતાના સ્વરૂપ ફેરવવા કટીબદ્ધ બન્યો તો કોંગ્રેસ પોતાનું ગુલાબ ગુમાવવા નથી માંગતું ત્યારે માવજીકાકો કોને ફાયદો કરાવે છે કે પોતે ગુલાબ સ્વરૂપ મેળવશે ? ભગવદ્ ગીતા જ્ઞાનનું ઝરણું વહેતુ કરવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપ સૌને આ ઝરણાનો આનંદ મળે તેવી આશા સહ અસ્તુ.

# ખૂબ લોકપ્રિય થઈ રહેલાં એવા ફિલ્મના જોનર હોરર કોમેડીમાં હાથ અજમાવશે

## સિદ્ધાર્થ મલ્હોત્રાએ છેલ્લે ધર્મા પ્રોડક્શનની 'યોદ્ધા'માં કામ કર્યું હતું, જે બોક્સ ઓફિસ પર ખાસ કોઈ કમાલ કરી શકી નહોતી, હવે હોરર કોમેડી પર હાથ અજમાવશે

સિદ્ધાર્થ મલ્હોત્રાએ છેલ્લે ધર્મા પ્રોડક્શનની 'યોદ્ધા'માં કામ કર્યું હતું, જે બોક્સ ઓફિસ પર ખાસ કોઈ કમાલ કરી શકી નહોતી. ત્યારથી સિદ્ધાર્થ કૅરિઅરની દૃષ્ટિએ થોડા નબળાં સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. જોકે, તેની શેરશાહ ઓટીટી પર ઘણી સારી ચાલી હતી. ત્યારે તે ઘણા લાંબા સમયથી કોઈ સારી ફિલ્મની રાહમાં હતો. હવે અંતે તેણે એક નવી ફિલ્મની જાહેરાત કરી છે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ છેલ્લે ધર્મા પ્રોડક્શનની 'યોદ્ધા'માં કામ કર્યું હતું, જે બોક્સ ઓફિસ પર ખાસ કોઈ કમાલ કરી શકી નહોતી, હવે હોરર કોમેડી પર હાથ અજમાવશે. આ તબક્કામાંથી સફળતાપૂર્વક બહાર આવવા માટે સિદ્ધાર્થે પણ હાલ ખૂબ લોકપ્રિય થઈ રહેલાં એવા ફિલ્મના જોનર હોરર કોમેડીમાં હાથ અજમાવવાનું નક્કી કર્યું છે. છેલ્લે આવેલી સતત ત્રણ હોરર કોમેડી ફિલ્મો 'મુંજ્યા', 'સ્ત્રી ૨' અને 'ભૂલ ભુલૈયા ૩' સારી ચાલી છે, આ ત્રણ ફિલ્મો હોરર કોમેડી હોવાની સાથે હાર્ટલૅન્ડ સ્ટોરી એટલે કે ઉત્તરના નાના શહેરોની વાર્તાઓ સાથે સંકળાયેલી હતી. ત્યારે સિદ્ધાર્થે પણ હવે એકતા કપૂરની આ જ ફોર્મ્યુલા સાથે બની રહેલી ફિલ્મમાં ઝંપલાવ્યું છે. મહત્વની વાત એ છે કે, આ ફિલ્મ સોશિયલ મીડિયા અને વેબ સિરીઝ બનાવવા માટે જાણીતા પ્લેટફર્મ ટીવીએફ અને પંચાયતના ડિરેક્ટર દીપક મિશ્રા જ ડિરેક્ટ કરશે. આ એક એવી ફિલ્મ હશે, જેમાં ટેક્લોલોજી સાથે લોકકથાનું મિશ્રણ જોવા મળશે, આમ આ એક 'મુંજ્યા' અને 'તુંબાડ' પ્રકારની ફિલ્મ હશે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ પોતાના સોશિયલ મીડિયા પર આ ફિલ્મ અનાઉન્સ કરતાં એક પોસ્ટર શેર કર્યું હતું. જેના હિન્દી પોસ્ટર પરથી ફિલ્મનું નામ 'વન' હોવાનો ખ્યાલ આવે. તેમજ તેમાં જંગલ પર લાલ આંખો દેખાતી હોવાથી જંગલ અને શ્રાપ પ્રકારની વાર્તા હોવાનો અંદાજ આવે છે. આ ફિલ્મની જાહેરાત છઠપૂજાના દિવસે કરીને ૨૦૨૫ છઠપૂજા પર રિલીઝ થવાની હોવાનું ચર્ચાી રહ્યું છે. આ અનાઉન્સમેન્ટ થતાં જ કિઆરા અડવાણીએ પણ સોશિયલ મીડિયા પર પોતાની ખુશી વ્યક્ત કરતાં, સિદ્ધાર્થની પોસ્ટ શેર કરી હતી.



# 'પુષ્પા ૨'માં શ્રીલીલાએ સામંથાને રીપ્લેસ કરી

### 'પુષ્પાઃ ધ રૂલ'ની રિલીઝ પૂર્વે સ્પેશિયલ સોન્ગ એનાઉન્સ થયું છે.....






## 'પુષ્પા'માં અલ્લુ અર્જુન જેટલાં જ વખાણ સામંથા રૂથ પ્રભુના સ્પેશિયલ ડાન્સ 'ઊ અંટ્વા'ના થયા હતા

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની 'પુષ્પા'ની સીક્વલ ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે. 'પુષ્પા'માં અલ્લુ અર્જુન જેટલાં જ વખાણ સામંથા રૂથ પ્રભુના સ્પેશિયલ ડાન્સ 'ઊ અંટ્વા'ના થયા હતા. બ્લોકબસ્ટર ફિલ્મની સીક્વલમાં સ્પેશિયલ સોન્ગ કરવા સામંથાએ ઈનકાર કર્યો હતો. લાંબી મથામણ પછી મેકર્સે સ્પેશિયલ સોન્ગ માટે શ્રીલીલાની પસંદગી કરી છે.'પુષ્પાઃ ધ રૂલ'ની રિલીઝ પૂર્વે સ્પેશિયલ સોન્ગ એનાઉન્સ થયું છે. મેકર્સે આખું ગીત શેર કરવાના બદલે તેનું પોસ્ટર સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું છે. કેપ્શનમાં જણાવાયું છે કે, ડાન્સિંગ ક્વિન શ્રીલીલા 'કિસિક' સોન્ગ ઓફ ધ યર માટે બોર્ડ પર આવી ગઈ છે. આ સોન્ગ ડાન્સ અને મ્યૂઝિકનો ગજબ આનંદ આપશે. ૫ ડિસેમ્બરે 'પુષ્પા ૨- ધ રૂલ'ની વર્લ્ડવાઈડ રિલીઝ છે. 'પુષ્પા'માં સ્પેશિયલ ડાન્સ વગર મસાલા ફિલ્મનું મનોરંજન અધૂરું રહેતું હોવાનું મેકર્સને પણ લાગતું હતું. તેથી તેમણે શરૂઆતમાં નવો અખતરો કરવાના બદલે સામંથા રૂથ પ્રભુ પાસે જ ગીત કરાવવાનો આગ્રહ રાખ્યો હતો. આ ફિલ્મ આવી તે સમયે સામંથા પોતાના અંગત જીવનની સમસ્યાઓમાં ઘેરાયેલી હતી. આ ગીતથી તેને નવી ઓળખ મળી હતી, પરંતુ સામંથાને પોતાની ઓળખ એક્ટર તરીકે ઊભી કરવી હતી. દરમિયાન તેની બીમારી અને સારવાર માટે લાંબા બ્રેકનો સમયગાળો પણ આવી ગયો. સામંથાને રાજી કરવાના પ્રયાસો સફળ ન રહેતા મેકર્સે સાઉથની પોપ્યુલ એક્ટ્રેસ શ્રીલીલાને પસંદ કરી હતી. શ્રીલાલાના સ્પેશિયલ સોન્ગ બાબતે સમગ્ર ટીમે લાંબો સમય ચૂપકિદી રાખી હતી, પરંતુ હવે ફિલ્મની રિલીઝ ડેટ નજીક આવી રહી હોવાથી ઉત્સુકતા ઊભી કરવા સસ્પેન્સ પરથી પડદો ઊંચકાયો છે. પોસ્ટરમાં શ્રીલીલાને જોતાં તેણે પણ સામંથા જેવો જ ગ્લેમરસ ડાન્સ કર્યો હોવાનું જણાય છે. 'પુષ્પા ૨'માં અલ્લુ અર્જુનને ચંદન ચોર ગેંગનો સરદાર બતાવાયો છે. તેની સાથે રશ્મિકા મંદાના યથાવત છે. જ્યારે જૂનો બદલો લેવા પોલીસ ઓફિસરના રોલમાં ફહાદ ફાસિલે મોરચો માંડેલો છે. સુકુમારના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને વર્ષની સૌથી મોટી બ્લોકબસ્ટર બનાવવા મેકર્સ પ્રયાસ કરી રહ્યા છે.

### દબંગ' ફ્રેન્ચાઇઝીના અધિકારો સલમાનના ભાઈ અરબાઝ ખાન પાસે છે

# ફિલ્મ ચુલબુલ પાંડેને પણ કોપ યુનિવર્સમાં સિંઘમ અને સિમ્બાની જેમ લીડ રોલ મળશે?

## અજયે સલમાનની એન્ટ્રી અંગે વાત કરતા કહ્યું, અમે બંનેએ એકસાથે શરૂઆત કરી હતી

રોહિત રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન'માં તેણે તેના કોપ યુનિવર્સના બધા જ મોટા સ્ટાર્સને એકસાથે એન્ટ્રી આપી દિધી તો ઘણાએ તેને માર્વેલ્સ એન્ડ ગેમ સાથે સરખાવી હતી. તો કેટલાકે એવી પણ ચર્ચા કરી હતી કે આ રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સની છેલ્લી ફિલ્મ હશે. પરંતુ આ ફિલ્મના અંતમાં દબંગ ફ્રેન્ચાઈઝીના ચુલબુલ પાંડેની એન્ટ્રીથી કેટલાંક દર્શકોએ એવી ધારણા કરી હતી કે હવે ટૂંક સમયમાં હવે બાજીરાવ સિંઘમ સાથે ચુલબુલ પાંડે પણ ખભે ખભો મિલાવીને ગુનેગારોનો સામનો કરતો જોવા મળશે. ત્યારે તાજેતરના ઈન્ટરવ્યૂમાં રોહિત શેટ્ટી અને અજય દેવગને આ અંગે વાત કરી હતી. અજયે સલમાનની એન્ટ્રી અંગે વાત કરતા કહ્યું,''અમે બંનેએ એકસાથે શરૂઆત કરી હતી. તેણે મારા કરતાં એક-બે વર્ષ પહેલાં શરૂઆત કરી હતી. અમારે બંનેને એકબીજા સાથે હંમેશા સારો સંબંધ રહ્યો છે. એક સમયે શરૂઆત કરનારા અમને બધાને એકબીજા સાથે સારું બને છે. અમે બધા એકબીજાને કોઈ કામ હોય તો અડધી રાત્રે પણ ફોન કરી શકીએ છીએ. અમે બધાં જ જાણીએ છીએ કે અમે બધા એકબીજા સાથે હંમેશા ખડા રહીશું.''સલમાને ૧૯૮૮માં 'બીવી હો તો ઐસી' ફિલ્મથી શરૂઆત કરી હતી. જ્યારે અજય દેવગને ૧૯૯૧માં કપુકુ કોહલીની 'ફૂલ ઔર કાંટે'થી ઈન્ડસ્ટ્રીમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. આ બંને આ પહેલાં ૨૦૦૯માં આવેલી વિપુલ શાહની ફિલ્મ 'લંડન ડ્રીમ્સ'માં એકસાથે કામ કરી ચૂક્યા છે. તો જો સલમાન અને અજય દેવગન એકસાથે આવશે તો જોવાની પણ મજા પડશે.એક તરફ કેટલાક ફૅન્સ દ્વારા સિંઘમ અને ચુલબુલ પાંડેની મોટા પડદે ટક્કરની માગ કરી હતી. ત્યારે રોહિતે આ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું, કે તે તો આ બંને પાત્રો એકસાથે મળીને કામ કરી શકે એવા પ્રકારની કોઈ સ્ટોરી વિશે વિચાર કરી રહ્યા છે. 'સિંઘમ અગેઈન'ના અંતે આવતી ક્રેડિટ્સમાં પણ સલમાન ખાન ચુલબુલ પાંડે તરીકે આવીને કહે છે કે, તે નવી રચાયેલી શિવા ટાસ્ક ફોર્સમાં જોડાઈ રહ્યો છે, જેની આગેવાની સિંઘમ કરે છે. આમાં તે 'દબંગ'નો પોતાનો જાણીતો ડાયલોગ 'સ્વાગત નહીં કરોગે હમારા?' બોલે છે. રોહિતે કોપ યુનિવર્સમાં સલમાનની એન્ટ્રી વિશે કહ્યું,''ફિલ્મ રિલીઝ થઈ તેને હજુ એક અઠવાડિયું જ થયું છે. મને થોડો સમય આપો.'' આ સિવાય તેણે પોસ્ટ ક્રેડિટ સીનમાં આવેલા મિશન ચુલબુલ પાંડે વિશે પણ વાત કરી હતી. દબંગ' ફ્રેન્ચાઈઝીના અધિકારો સલમાનના ભાઈ અરબાઝ ખાન પાસે છે, અજયે સલમાનની એન્ટ્રી અંગે વાત કરતા કહ્યું,અમે બંનેએ એકસાથે શરૂઆત કરી હતી, ચુલબુલ પાંડેને પણ કોપ યુનિવર્સમાં સિંઘમ અને સિમ્બાની જેમ લીડ રોલ મળશે?અજયે સલમાનની એન્ટ્રી અંગે વાત કરતા કહ્યું,''અમે બંનેએ એકસાથે શરૂઆત કરી હતી. તેણે મારા કરતાં એક-બે વર્ષ પહેલાં શરૂઆત કરી હતી. અમારે બંનેને એકબીજા સાથે હંમેશા સારો સંબંધ રહ્યો છે. આ એક એકલી ફિલ્મ હશે, જેમાં 'સિમ્બા' અને 'સૂર્યવંશી' પણ હશે. હાલ 'દબંગ' ફ્રેન્ચાઈઝીના અધિકારો સલમાનના ભાઈ અરબાઝ ખાન પાસે છે. જેણે ૨૦૧૨માં 'દબંગ ૨' સાથે ડિરેક્શનમાં ડેબ્યુ કર્યું હતું.આ સિવાય રોહિત શેટ્ટીએ તે હાલ 'ગોલમાલ ૫' માટે પ્લાન કરી રહ્યો હોવાનું પણ કહ્યું હતું, જેમાં અજય દેવગન સાથે અર્ષદ વારસી, કુનાલ ખેમુ અને શ્રેયસ તળપદે પણ હશે. આ ફિલ્મ ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ 'ગોલમાલ અગેઈન' ૨૦૧૭માં રિલીઝ થઈ હતી.






### અગાઉની બંને ફિલ્મમાં શાહરૂખનો કેમિયો હતો

# અમિતાભની શાહરૂખ સાથે ભૂતનાથ ફિલ્મના ત્રીજા પાર્ટની તૈયારી શરૂ

હોરર કોમેડીનો જાદુ ઓડિયન્સને પ્રભાવિત કરી રહ્યો છે અને તેના કારણે બોલિવૂડમાં પણ આ જોનર માટે સ્નેહ ઊભરાઈ રહ્યો છે. ટી-સિરીઝ દ્વારા પ્રોડ્યુસ થયેલી 'ભૂલ ભુલૈયા ૩'ની સીધી ટક્કર 'સિંઘમ અગેઈન' સાથે થઈ છે. બિગ બજેટ અને મલ્ટિ સ્ટાર 'સિંઘમ અગેઈન' કરતાં વધારે આવકાર 'ભૂલ ભુલૈયા ૩'ને મળી રહ્યો છે. ઓડિયન્સના આ મિજાજને જોઈ ટી-સિરીઝે હોરર કોમેડી જોનરની વધુ એક ફિલ્મની સીક્વલ બનાવવાનું વિચાર્યું છે. 'ભૂતનાથ' ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાનનો લીડ રોલ રાખવાનું પ્રોડક્શન હાઉસે વિચાર્યું છે. બંને સુપરસ્ટાર્સે પણ હોરર કોમેડીના ટ્રેન્ડમાં જોડાવા માટે ઉત્સુકતા દર્શાવી હોવાનું કહેવાય છે. 'ભૂલ ભુલૈયા ૩'ની રિલીઝ પૂર્વે જ 'ભૂતનાથ ૩'ની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. કાચી સ્ક્રિપ્ટ પૂરી થવાની તૈયારીમાં છે. સ્ક્રિપ્ટ ફાઈનલ થયાં પછી પ્રોજેક્ટ પર પૂરજોશથી કામ શરૂ થશે. 'ભૂતનાથ'માં જૂના એક્ટર્સ અને કેરેક્ટર્સને જ યથાવત રાખવાનું આયોજન છે. ૨૦૨૫ પહેલા તેનું શૂટિંગ શરૂ થઈ શકે તેમ નથી, પરંતુ ૨૦૨૬માં રિલીઝ કરવાનું આયોજન છે. ૨૦૦૮માં 'ભૂતનાથ' રિલીઝ થઈ હતી. તે પછી ૨૦૧૪માં 'ભૂતનાથ રીટર્ન્સ'નું આગમન થયું હતું. આ બંને ફિલ્મોમાં શાહરૂખ ખાનનો કેમિયો હતો, જ્યારે અમિતાભ બચ્ચનનો લીડ રોલ હતો. 'ભૂતનાથ'ની બંને ફિલ્મનું પ્રોડક્શન ટી સિરીઝ અને બીઆર ફિલ્મ્સ દ્વારા થયું હતું. ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ માટે પણ આ બંને પ્રોડ્યુસર તૈયાર છે. અગાઉની બંને ફિલ્મોમાં શાહરૂખનો કેમિયો હતો, પરંતુ ત્રીજી ફિલ્મમાં શાહરૂખનો લાંબો રોલ રાખવાનો વિચાર છે. અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન બંને લીડ રોલમાં હોય તેવી સ્ક્રિપ્ટ હાલ તૈયાર થઈ રહી છે. ફિલ્મ બનાવવાનો આખરી નિર્ણય સ્ક્રિપ્ટ પર રહેવાનો છે. પ્રોડ્યુસર્સ અને લીડ એક્ટર્સને સ્ક્રિપ્ટ પસંદ આવી જાય તો કામ આગળ વધશે અને ત્યાર પછી જ ડાયરેક્ટરની પસંદગી કરવામાં આવશે. અમિતાભ બચ્ચનની જાણીતી, લોકપ્રિય અને સફળ ફિલ્મ 'ભૂતનાથ'નો ત્રીજો ભાગ બનવાની તૈયારી શરૂ થઈ ગઈ હોવાના સમાચાર છે. આ ફિલમમાં બિગ બીએ એક પ્રેમાળ ભૂતની ભૂમિકા ભજવીને દર્શકોના દિલ જીતી લીધા હતા. જોકે હાલ આ ફિલ્મ પ્રારંભિક સ્ટેજમાં છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫માં શરૂ કરવામાં આવશે અને ૨૦૨૬માં ફિલ્મને રિલીઝ કરવાની યોજના છે. ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ શરૂ થઈ ગયું છે. રસપ્રદ વાત તો એ છે કે, શાહરૂખ ખાને ભૂતનાથના બન્ને ભાગમાં કેમિયો કર્યો હતો. પરંતુ હવે નિર્માતા ઈચ્છે છે કે, આ વખતે ત્રીજા હિસ્સામાં અભિનેતાનો રોલ વધુ લંબાવવામાં આવે. જોકે આ અંગેનો આખરી નિર્ણય સ્ક્રિપ્ટ પૂરી થાય પછી લેવામાં આવશે. 'ભૂતનાથ ૩' હજી પ્રારંભિક સ્ટેજમાં હોવાથી ફિલ્મની અન્ય કાસ્ટ વિશે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.




### કપિલના શોમાં જોવા મળ્યો જોરદાર ડ્રામા

# નવજોત સિંહ સિધ્ધુએ અર્ચના પુરણની ખુરશી પર કબ્જો કર્યો

કપિલ શર્માના લોકપ્રિય કોમેડી શોને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. નવજોત સિંહ સિદ્ધુ ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં પાછા ફર્યા છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં સિદ્ધૂ અર્ચનાની ખુરશી પર બેઠેલી જોવા મળી રહ્યા છે. કપિલ પોતે પણ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો. અર્ચના પુરણ સિંહ કહેતી જોવા મળે છે કે તેની ખુરશી પર કબજો કરી લેવામાં આવ્યોછે.આવોજાણીએ શું છે સમગ્ર મામલો...મેકર્સ દ્વારા રિલીઝ કરવામાં આવેલા ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોના નવા પ્રોમોમાં નવજોત સિંહ સિદ્ધુ અર્ચના પુરણ સિંહની ખુરશી પર બેઠેલા જોવા મળે છે. કપિલ તેને જોઈને ચોંકી જાય છે અને પછી કહે છે કે સુનીલ ગ્રોવર હંમેશા સિદ્ધુના વેશમાં આવે છે. આ પછી સુનીલ ગ્રોવર સિદ્ધુ તરીકે આવે છે અને પછી કપિલ અસલી અને નકલી સિદ્ધુને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. પછી અર્ચના પુરણ સિંહ આવે છે, અને કપિલને કહે છે કે 'સરદાર સાહેબને કહો મારી ખુરશી પરથી ઊભા થઈ જાય, તેઓ કબજો કરી ને બેઠા છે.શોમાં હરભજન સિંહ પણ જોવા મળે છે જે કહે છે - 'દુનિયા ગમે તે કહે, કોઈના કહેવાથી કોઈ બુદ્ધુ નથી બની જતું. કોઈ ખુરશી પર બેસવાથી સિદ્ધુ નથી બની જતું.' આ પછી નવજોત સિંહ સિદ્ધુ હરભજનને ગળે લગાવે છે. સિદ્ધુએ વાસ્તવમાં અર્ચનાની ખુરશી પર કબજો જમાવ્યો નથી, હકીકતમાં તે પોતાની પત્ની નવજોત કૌર સાથે શોમાં પહોંચ્યો હતો. તેના સિવાય ક્રિકેટર હરભજન સિંહ પણ તેની પત્ની ગીતા બસરા સાથે જોવા મળે છે. આ બધું અર્ચનાની ટીખળ છે. તે જ સમયે, પ્રોમો જોયા પછી, દર્શકો આ એપિસોડના સ્ટ્રીમ થવાની રાહ જોઈ રહ્યા છે.



# આમિર અને અજયને ફરી 'ઈશ્ક' કરવાની ઈચ્છા




## ૧૯૯૭ના વર્ષમાં બ્લોકબસ્ટર રહેલી 'ઈશ્ક' પછી તેઓ ક્યારેય ઓનસ્ક્રિન સાથે જોવા મળ્યા નથી

આમિર ખાન અને અજય દેવગને માત્ર એક જ ફિલ્મમાં સાથે કામ કર્યું છે. ૧૯૯૭ના વર્ષમાં બ્લોકબસ્ટર રહેલી 'ઈશ્ક' પછી તેઓ ક્યારેય ઓનસ્ક્રિન સાથે જોવા મળ્યા નથી. આ ફિલ્મના ડાયરેક્ટર-પ્રોડ્યુસર ઈન્દર કુમારના દીકરા અમનની પહેલી ફિલ્મ 'તેરા યાર હૂં મૈં'ની લોન્ચ માટે મુંબઈમાં એક ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે આમિર અને અજયે ઈન્દરકુમાર તથા ડાયરેક્ટર મિલાપ ઝવેરી સાથે જૂની યાદો વાગોળી હતી. 'તેરા યાર હૂં મૈં'ની લીડ કાસ્ટ અમન અને આકાંક્ષા શર્માને બંને સુપરસ્ટાર્સે શુભેચ્છા આપી હતી. આ સાથે પરેશ રાવલ, જાવેદ જાફરી, આફતાબ શિવદાસાની, જ્હોની લીવર જેવા જાણીતાં એક્ટર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. હાલ બોલિવૂડમાં સીક્વલનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે ત્યારે આમિર અને અજયે 'ઈશ્ક'ને યાદ કરી તેની સીક્વલ બનાવવા ઈન્દર કુમારને જણાવ્યું હતું. ઈન્દર કુમારે પણ તેમના સૂચનને વધાવી લેતાં 'ઈશ્ક'ની સીક્વલ બનવાની અટકળો શરૂ થઈ હતી.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજના આધુનિક યુગમાં પણ પોતાના જન્મ દિવસની ઉજવણી હંમેશા અલગ રીતે ઉજવતા હંમેશા જરૂરિયાત મંદની મદત માટે તૈયાર રહેતા બળવંતભાઈ ખોડ આજે પણ પોતાના જન્મદિવસ નિમિતે જરૂરિયાતમંદ આર્થિક સ્થિતિ સારી નથી એવા પરિવારોના બાળકોને ભણવા માટે પ્રોત્સાહન આપી ભણવા માટેની જરૂરી પેન્સિલ રબ્બર કલર જેવી સામગ્રીની કીટ આપીને બાળકોને આનંદ કરાવી ખુશી અનુભવતા પોતાનો જન્મ દિવસ ઉજવ્યો હતો.

# દેવગઢ બારીઆ નગર પાલિકાની બેદરકારીનો ભોગ બનતી પ્રજા

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૨ ।

દેવગઢ બારીઆ નગર ના સમડી સર્કલ પાસે મોટી પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ છેલ્લા ત્રણ મહિના થી થયેલ હોવા છતાં નગર પાલિકા ના ધ્યાને વાત આવતી નથી વારંવાર નગર પાલિકાના કર્મચારીઓ પણ આ રસ્તા પર થી પસાર થાય છતાં આંખ આડા કાન તસ્વીર માં જોવાય છે તે મુજબ આ પાણી ની મોટી પાઈપલાઈન છે જે લીકેજ થવા ના કારણે રસ્તે જતા રાહદારી તથા દુકાનદારો ખુબ મોટી તકલીફ ઉભી થાય છે તે માટે વહેલી તકે પાઈપનું સમારકામ કરવામાં આવે તેવી જોવાતી રાહ.



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

# અમદાવાદ મંડળે ૧ એપ્રિલથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન સઘન ટિકિટ ચેકિંગ અભિયાનો દરમિયાન દંડ તરીકે પ્રાપ્ત કરી રેકોર્ડ રાશી

## અમદાવાદ મંડળે ૧ એપ્રિલથી ૩૧ ઓક્ટોબર સુધી ટિકિટ ચેકિંગમાંથી દંડ તરીકે રૂ. ૧૧.૬૧ કરોડ પ્રાપ્ત કર્યા

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના તમામ અધિકૃત મુસાફરો ને મુશ્કેલી મુક્ત, આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા મેલ/એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વિના/અનિયમિત ટિકિટ લઈને કરતા મુસાફરોને રોકવા માટે સતત સઘન ટિકિટ ચેકિંગ અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યા છે. અમદાવાદ મંડળ દ્વારા ટિકિટ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું જેમાં મંડળ દ્વારા ૧ એપ્રિલથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન રૂ.૧૧.૬૧ કરોડની આવક એકત્ર કરવામાં આવી છે. અમદાવાદ મંડળનું આ શ્રેષ્ઠ પ્રદર્શન છે. આ સમયગાળા દરમિયાન, ટિકિટ વિનાની મુસાફરીના ૧.૫૩ લાખ કેસમાંથી કુલ રૂ.૧૧.૬૧ કરોડનું રાજસ્વ અને રેલવે પરિસરમાં ગંદકી કરતા ૧૭૨૧ મુસાફરો પાસેથી રૂ.૨.૯૧ લાખનું રાજસ્વ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. પશ્ચિમ રેલવે દ્વારા લોકોને હંમેશા યોગ્ય અને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવાની અપીલ કરવામાં આવી છે.

# વૌઠા લોક મેળો-૨૦૨૪ના સુચારુ આયોજનની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદના ધોળકા તાલુકાના વૌઠા ગામ ખાતે સુપ્રસિદ્ધ વૌઠા લોક મેળો-૨૦૨૪ના સુચારુ આયોજન સંદર્ભે અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે અને જિલ્લા પોલીસ વડા શ્રી ઓમ પ્રકાશ જાટ દ્વારા મેળાને લગતી તમામ સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી હતી અને સ્થળ ચકાસણી બાદ જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૪થી વૌઠા ખાતે સુપ્રસિદ્ધ લોકમેળાના શુભારંભ પહેલા અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેળાના સુચારું આયોજન માટે તમામ તકેદારી લેવામાં આવી રહી છે ત્યારે, ફાયર સેફ્ટી, પબ્લિક સેફ્ટી, રાઈડ સેફ્ટી વગેરેની ચકાસણી કરી, વૌઠા મેળામાં સહભાગી થઈ રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠક કરી વૌઠા મેળાને સફળ બનાવવા માટે યોગ્ય સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા નગરની પ્રાથમિક સમસ્યા નિવારણ માટે ૧૪૪૨૦ ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।


ઝાલોદ નગરમાં નાની નાની સમસ્યાઓ ઘણી બધી હોય છે તેમાં ઘણી સમસ્યાઓ વહીવટી તંત્રને કદાચ ધ્યાને ન આવી હોય તે માટે નગરના હિતમાં તેમજ ૨૪ થી ૪૮ કલાકમાં તેના નિવારણ માટે નગરપાલિકા દ્વારા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૫૯૯-૯૬૫૯ નંબર ઉપર થી ૧૪૪૨૦ નંબર ડાયલ કરવું અથવા ૦૨૬૭૦૨૨૫૨૬૯ પર ડાયલ કરી સમસ્યા નોંધાવવાની રહેશે જેથી જે તે સમસ્યાના સમાધાન તેમજ ઉકેલ માટે નગરપાલિકા ત્વરિત પગલાં લઈ શકે. પાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલ નંબર સોશિયલ મીડિયામા જાહેર કરાતા સમસ્યા લખાવવા માટે જાહેર જનતા કોલ કરવા લાગી હતી તેથી કોલ ન લાગવાની ફરિયાદો પણ લોકોમાં ઉઠવા પામી હતી. હાલ તો નગરજનો ઈચ્છી રહેલ છે પાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલ નંબર કાયમ ચાલુ રહે જેથી નગરજનો પોતાની સમસ્યાઓ નોંધાવી સમાધાન મેળવી શકે.

# દેવગઢ બારીઆ નગર પાલિકા વિસ્તાર મોતીપૂરામાં સોલાર લાઈટ બંધ હોવાથી રાહદારીઓને ભોગવવી પડતી હાલાકી

(પ્રતિનિધી)

। દેવગઢ બારીઆ, તા.૧૨ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર પાલિકા વિસ્તાર માં આવેલ મોતીપુરા ઉચવાંન રોડ હરિજન વાસ માં ઘણા સમય થી સોલાર થી ચાલતી સ્ટ્રીટ લાઈટ નાખવા માં આવી છે જે માત્ર એક કલાક ચાલુ રહે છે ત્યાર બાદ તેની જાતે જ બંધ થઈ જાય છે તે બાબત ની નગર પાલિકામાં વારંવાર રજૂઆત કરવા છતાં પણ નગર પાલિકા ના સત્તાધીશો ના પેટનું પાણી હલતું નથી આ વિસ્તાર ને અડી જ મોટા વિશાળ ડુંગરા આવેલ છે જ્યાં અવાર નવાર જંગલી હિંસક પ્રાણીઓ પણ અવર જવર કરતા હોય છે અને ઘણી વખત આ વિસ્તાર ના લોકો અવર જવર કરતા હોય છે ત્યારે



રાત્રિ દરમ્યાન રસ્તા મા દીપડા રીંછ ઝરખ જેવા હિંસક પ્રાણીઓ આવી જતા હોય છે જેના કારણે આ વિસ્તાર માં વસતા લોકો ને ભય ના હોથાળ હેઠળ રહેવું પડે છે આ અતિ પછાત ગણાતા વિસ્તાર માં સુવિધાઓ થી વંચિત લોકો ને સુવિધાઓ તથા સ્ટ્રીટ ની સમસ્યા ક્યારે હલ થશે તેની કાગ દોડે જોવાતી રાહ.

# દેવગઢ બારીઆ માં સર્વર બંધ હોવા ના લીધે આયુષ્માન કાર્ડ કઢાવવા માટે ખાવા પડે છે ધક્કા

(પ્રતિનિધી)

। દેવગઢ બારીઆ, તા.૧૨ ।

પ્રાપ્ત માહિતી અનુસાર સરકાર દ્વારા ગરીબો ને મફત સારવાર મળી રહે તે માટે સરકાર દ્વારા સમગ્ર દેશ માં આયુષ્માન કાર્ડ ની યોજના લાવ્યા પરંતુ આ યોજના માં લાભ મળશે જ્યારે કે તે ચાલશે જ્યારે છેલ્લા કેટલાય સમય થી નીકળેલા આયુષ્માન કાર્ડ કઢાવવા માટે સિત્તેર વર્ષ થી ઉપર ના લાભાર્થીઓ કાર્ડ કઢાવવા માટે જાય છે ત્યારે તેમને સર્વર નથી ચાલતું તેના કારણે ખાવા પડે છે ધક્કા અને અગાઉ નીકળેલા કાર્ડ પણ રીન્યુ થતા ના હોય તેના કારણે ભોગવવી પડે છે મુશ્કેલીઓ દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલ માં બેસાડવા માં આવેલ આયુષ્માન ઓપરેટર દ્વારા પ્રયત્નો કરવા છતાં પણ અહી ના તાલુકા ના ને આયુષ્માન કાર્ડ કઢાવવા માટે અનેક સમસ્યાઓ નો કરવો પડે છે સામનો...

# પોસ્ટ વિભાગ દ્વારા પૂજ્ય દાદા ભગવાનની સ્મૃતિમાં વિશિષ્ટ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી

। અમદાવાદ, તા.૧૨ ।

દાદા ભગવાન તરીકે વ્યાપકપણે આદરણીય એવા અંબાલાલ મુલજીભાઈ પટેલના જીવન અને શિક્ષણની યાદમાં, પોસ્ટ વિભાગ દ્વારા જેમના જીવન અને ઉપદેશોએ વિશ્વભરમાં અસંખ્ય વ્યક્તિઓને અસર કરી છે એવા આ અસાધારણ આધ્યાત્મિક શિક્ષકના સન્માન માટે એક ખાસ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી.૧૦મી નવેમ્બરના રોજ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૭મી જન્મ જયંતી દરમિયાન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂજ્યશ્રી દીપકભાઈ દેસાઈ અને શ્રી દિનેશ કુમાર શર્મા, નવલખી ગ્રાઉન્ડ, વડોદરા ખાતે પોસ્ટ માસ્ટર જનરલની ગરિમામય ઉપસ્થિતિમાં સ્ટેમ્પનું વિમોચન કરવામાં આવ્યું હતું.

# ભારત સરકાર દ્વારા ગુજરાતને દિવ્યાંગ વ્યક્તિઓ માટેની શ્રેષ્ઠ કામગીરી અંતર્ગત મળશે રાષ્ટ્રીય પુરસ્કાર

। (માહિતી) ગાંધીનગર, તા.૧૨ ।

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પુરસ્કાર આપવાનું આયોજન કરવામા આવ્યું છે. જેમાં સર્વશ્રેષ્ઠ દિવ્યાંગજન, શ્રેષ્ઠ દિવ્યાંગજન, શ્રેષ્ઠ દિવ્યાંગ બાલ-બાલિકા, દિવ્યાંગજનો માટે કામ કરતી સર્વશ્રેષ્ઠ વ્યક્તિ, ડિસેબિલિટી સેક્ટરમાં શ્રેષ્ઠ પુનર્વસન વ્યવસાયિક, દિવ્યાંગતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ સંશોધન/ઈનોવેશન/ઉત્પાદન વિકાસ, દિવ્યાંગજન સશક્તિકરણ માટે સર્વશ્રેષ્ઠ સંસ્થા, દિવ્યાંગજન માટે સર્વશ્રેષ્ઠ કાર્યો, દિવ્યાંગજન માટે સર્વશ્રેષ્ઠ પ્લેસમેન્ટ એજન્સી, સુગમ્ય ભારતના બંધનમુક્ત વાતાવરણના નિર્માણ માટે અમલીકરણ માટે શ્રેષ્ઠ રાજ્ય/યુ.ટી/જિલ્લા, દિવ્યાંગજનના અધિકાર અધિનિયમોં/ફ્રેંદ્ધ અને અન્ય યોજનાઓ માટે સર્વશ્રેષ્ઠ રાજ્ય/યુ.ટી/જિલ્લો, રાજ્ય ક્ષેત્રમા દિવ્યાંગજન અધિકાર અધિનિયમ હેઠળ સર્વશ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્ય, પુનર્વસન સેવાઓ માટે વ્યાવસાયિકોને તાલીમ આપવા માટેની શ્રેષ્ઠ સંસ્થા જેવા જુદા જુદા પ્રકારના પુરસ્કારો દિવ્યાંગજનોને આપવામાં આવે છે. દેશના રાષ્ટ્રપતિ દ્વારા આ વિવિધ પ્રકારના પુરસ્કારો દિવ્યાંગ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા તેમજ દિવ્યાંગજનોને આપવામાં આવે છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નર શ્રી વી.જે. રાજપૂત(આઈ.એ.એસ.) ને રાજ્ય ક્ષેત્રમાં દિવ્યાંગજન અધિકાર અધિનિયમ હેઠળ સર્વશ્રેષ્ઠ કામગીરી કરવા માટે ગુજરાત રાજ્યને પ્રથમવાર રાષ્ટ્રીય એવોર્ડ માટે બિરદાવવામાં આવેલ છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી દ્વારા દિવ્યાંગ અધિકાર અધિનિયમ હેઠળ જાગૃતિ માટે મોબાઈલ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું છે, તેમજ અલગ અલગ સરકારી ભરતીમાં નોકરી માટેના કેસ ચલાવી હુકમ તથા સુગમ્ય ભારત હેઠળ અલગ અલગ કચેરી/બિલ્ડિંગોને સુગમ્ય બનાવવા હુકમ કરવામાં આવ્યા છે. આ તમામ પ્રકારની શ્રેષ્ઠ કામગીરી માટે ગુજરાત રાજ્ય એ એવોર્ડ માટે નોમીનેશન કર્યું હતું, જેની ચકાસણી કરી ભારત સરકાર દ્વારા શ્રેષ્ઠ કામગીરી માટે ગુજરાત રાજ્યને એવોર્ડ આપવામાં આવ્યો છે. દિવ્યાંગજનોને આ એવોર્ડની જાણ થતા તેઓમાં પણ લાગણીઓ તેમજ પ્રસન્નતાઓ પ્રભાવ જોવા મળ્યો છે જે ગૌરવની વાત છે, એમ ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# ઝાલોદ નગરમાં રામસાગર પાસે બાળ ક્રિડાંગણના નવીનીકરણમા સેલ્ફી પોઇન્ટ મુકવા લોક માંગ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

હાલ ઝાલોદ નગરમાં રામસાગર તળાવ પાસે બાળ ક્રિડાંગણનુ નવીનીકરણની કામગીરી નગરપ ાલિકા દ્વારા કરવામાં આવી રહેલ છે. છેલ્લા ઘણા સમયની બાળકો માટે રમવા માટે આ ક્રિડાંગણ ખંડેર હતું હવે જ્યારે બાળકો માટે રમવા માટે નવા સાધનો પણ મુકવામાં આવી રહેલ છે.

તેમજ હાલ નગરપાલિકા દ્વારા બાળ ક્રીડાંગણની એક દિવાલ પર I love Zalod લખેલ સુંદર વાક્ય મુકવામાં આવેલ છે પણ જે જગ્યાએ મુકવામાં આવેલ છે ત્યાંથી તેનો કોઈ ઉઠાવ આવતો નથી તેવું ત્યાં રહેતા સ્થાનિકોનુ માનવુ છે તો આ I love Zalod લખેલ વાક્ય બાળ ક્રિડાંગણના દરવાજા પાસે મુકવામાં આવે તેવુ ત્યાં રહેતા સ્થાનિકોનુ કહેવુ છે જેથી અહીં રામસાગર તળાવ પાસે ફરવા આવનાર લોકો આનો સેલ્ફી પોઈન્ટ તરીકે ઉપયોગ કરી શકે તેમજ બાળ




ક્રિડાંગણની અંદર પણ આવી કોઈ અન્ય સુંદર કલાકૃતિ મુકવામાં આવે જેથી બાળકો તેનું સેલ્ફી પોઈન્ટ તરીકે ઉપયોગ કરી શકે.

નગરના લોકો વતી ચીફ ઓફિસર હઠીલા તેમજ કોન્ટ્રાક્ટર સાથે વાત કરતા I love Zalod ને સેલ્ફી પોઈન્ટ તરીકે વિચારીને યોગ્ય જગ્યાએ મુકવા માટે બાંહેધરી આપી હતી. તેમજ આ ગાર્ડન વધુ આધુનિક અને સુંદર દેખાય તે માટે અન્ય કોઈ યોગ્ય સૂઝાવ હસે તો તે અંગે વિચારણા કરવામાં આવશે તેમ પણ કહ્યું હતું.

# અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતો ઘટાડવા અમલી કરેલા ખાસ એક્શન પ્લાનથી ૧૦ મહિનામાં ૯૦ માનવ જીવન બચાવવામાં મળી સફળતા

। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ અકસ્માતો ઘટાડવા તથા આ અકસ્માતોથી થતાં માનવ મૃત્યુ અટકાવવા માટે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમોની સાથે સાથે અકસ્માત ઝોન બની ગયેલા એરીયા આઈડેન્ટીફાય કરીને રોડ એન્જીનિયરીંગ સુધારા સહિતના અનેક પાસાઓ પર કામગીરી કરવામાં આવી છે. જેના પરિણામે છેલ્લા ૧૦ મહિનામાં ૧૦૬ માર્ગ અકસ્માતોમાં ઘટાડો થવાની સાથે અમદાવાદ ટ્રાફિક પોલીસને ૯૦ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદ પોલીસે કરેલા આ પ્રકારના ટ્રાફિક સંબંધિત રીસર્ચ સહિતની કામગીરીની સરાહના કરી છે. દાહોદ સહિતના કેટલાક જિલ્લાઓમાં આ પ્રકારે મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસ કરી માર્ગ અકસ્માતો ઘટાડવા પ્રશંસનિય કાર્ય કર્યુ છે ત્યારે અન્ય જિલ્લાઓમાં પણ તેનું અનુકરણ કરવા સૂચના આપી છે.

અમદાવાદ શહેરમાં બનતા જીવલેણ માર્ગ અકસ્માતોના બનાવોનું મેપીંગ કરીને આ અકસ્માત ઝોનમાં રોડ એન્જીનિયરીંગમાં સુધારા કરવાથી માંડીને ઝીબ્રા ક્રોસિંગ, સર્કલ ડિઝાઈન, ટ્રાફિક સિગ્નલ, રસ્તાઓ પરના કટ બંધ કરવા સહિતના જરૂરી અનેક સુધારા કરવા અમદાવાદ શહેર પોલીસે સૂચનો કર્યા અને તેનું વહિવટી તંત્રની મદદથી અમલીકરણ કરાવ્યુ છે. આ એનાલિટીક કામગીરી થકી અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતોમાં તો ઘટાડો થયો જ છે, તેની સાથે આવા અકસ્માતોથી થતા માનવ મૃત્યુ આંકમાં પણ ઘટાડો થયો છે. અમદાવાદ શહેરના બંને ટ્રાફિક ઝોનમાં તા.૧લી જાન્યુઆરી થી તા. ૩૧મી ઓક્ટોબર-૨૦૨૩ સુધી ૧૦ મહિનામાં સર્જાયેલા માર્ગ અકસ્માત અને તેનાથી થયેલા મૃત્યુની સરખામણીમાં વર્ષ-૨૦૨૪માં આ જ સમયગાળા દરમિયાન ૧૦ મહિનામાં સર્જાયેલા માર્ગ અકસ્માતોની તુલના કરતા માર્ગ અકસ્માતો અને મૃત્યુ બંનેમાં ઘટાડો થયો હોવાનું ધ્યાને આવ્યુ છે. અમદાવાદ શહેરમાં વર્ષ-૨૦૨૩માં ૧૨૦૩ માર્ગ અકસ્માતો અને ૪૧૯ માનવ મૃત્યુની ઘટના બની હતી. આ રોડ એક્સીડેન્ટ એનાલિટીક્સ બાદ કરેલી કામગીરીને પરિણામે વર્ષ-૨૦૨૪માં આ માર્ગ અકસ્માતો ઘટીને ૧૦૯૭ થયા છે અને માનવ મૃત્યુ ઘટીને ૩૨૯ થયા છે. એટલે કે, ગત વર્ષની સરખામણીમાં ૧૦૬ માર્ગ અકસ્માતો અને ૯૦ માનવ જિંદગી બચાવવામાં સફળતા મળી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. મિત્રો, ધંધાકીય સાથીઓ તથા સંબંધીઓ સાથે કામ કરતા હો ત્યારે તમારા હિતોનું રક્ષણ કરો- કેમ કે તેઓ તમારી જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ નહીં હોય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. દિવસના ઉત્તરાર્ધમાં તમને આરામ કરવાનું અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવવાનું ગમશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. જીવન સાથીની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? બાળકના અભ્યાસ વિશે ચિંતા કરવાની જરૂર નથી. આ ક્ષણે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો પણ આ બધું ક્ષણિક છે અને સમય સાથે દૂર થઈ જશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસાની બચત કરવાનું વિચાર બનાવો? આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

## ન્યૂઝ બ્રિફ

### હિંસક પ્રદર્શનના ખતરા વચ્ચે કેનેડામાં મંદિરોનો કાર્યક્રમ રદ

। (એજન્સી) કેનેડા,તા.૧૨ ।

કેનેડાના બ્રેમ્પટનના હિન્દુ સભા મંદિરના કોન્સ્યુલર કેમ્પમાં ૩ નવેમ્બરે ખાલિસ્તાની સમર્થકોએ હુમલો કર્યો હતો. જે બાદ ત્યાં હિંસા થઈ હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ હિંસાની ટીકા કરીને કેનેડાના સત્તાધીશોને યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી હતી. કેનેડાએ બ્રેમ્પટન ત્રિવેણી મંદિર એન્ડ કોમ્યુનિટી સેન્ટરે રવિવારે ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત જીવન પ્રમાણ પત્ર વિતરણ સમારોહ રદ કરી દીધો છે. ખાલિસ્તાની ધમકીઓને લઈ આ ફેંસલો લેવામાં આવ્યો છે. ભારતીય મૂળના હિન્દુઓ અને શીખોને જરૂરી જીવન પ્રમાણપત્ર રિન્યૂ કરાવવા માટે ૧૭ નવેમ્બરે કોન્સ્યુલર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રેમ્પટન ત્રિવેણી મંદિર એન્ડ કોમ્યુનિટી સેન્ટર દ્વારા જણાવવામાં આવ્યા મુજબ, ભારતીય વાણિજ્ય દૂતાવાસ દ્વારા આયોજીત જીવન પ્રમાણપત્ર વિતરણ સમારોહને રદ કરવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસને મળેલી ગુપ્ત સત્તાવાર જાણકારી મુજબ, જો કાર્યક્રમ થાય તો તેમાં હિંસાત્મક પ્રદર્શન થવાનો ખતરો હતો. જેથી આ ફેંસલો લેવામાં આવ્યો છે.સામુદાયિક કેન્દ્રએ પીલ પોલીસને બ્રેમ્પટન ત્રિવેણી મંદિર સામેના જોખમોની નોંધ લેવા અને હિન્દુ સમુદાયની સલામતી સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. મંદિર પ્રશાસને કહ્યું અમે આ કાર્યક્રમ પર નિર્ભર સમુદાયના તમામ સભ્યોની માફી માંગીએ છીએ. અમને ખેદ છે કે કેનેડિયન લોકો અહીંના મંદિરોની મુલાકાત લેવાનું અસુરક્ષિત અનુભવે છે. અમે પીલ પોલીસને જાણ કરી હતી અને કેનેડામાં હિંદુ સમુદાયની સલામતી સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. પરંતુ સુરક્ષાની કોઈ ખાતરી ન મળતાં કાર્યક્રમે કેન્સલ કરવો પડ્યો છે.

### એર ઈંડિયામાં હવે નહીં મળે મુસ્લિમ ભોજન




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં પિરસાતા મુસ્લિમ ભોજનનું નામ બદલીને હવે 'સ્પેશિયલ મીલ' કરી દીધું છે. એર ઈન્ડિયાની આ ફ્લાઈટમાં મેનુમાં હિન્દુ ભોજન, જૈન ભોજન, કોશેર ભોજન અને વીગન મીલ વગેરે સામેલ છે. મેનુને અલગ અલગ ધર્મોના લોકોની પસંદ અને ધાર્મિક પ્રથાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કર્યું છે. એર ઈન્ડિયા દ્વારા પોતાના મેનુમાં ભોજનના નામને ધર્મો સાથે જોડતા વિવાદ પણ થઈ ચૂક્યો છે. ભોજનનું નામ આહાર સંબંધી પસંદગીની જગ્યાએ ધર્મના આધાર પર રાખવા પર આ વર્ષે જૂનમાં કોંગ્રેસ સાંસદ મણિકમ ટાગોરે સવાલો ઉઠાવ્યા હતા અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયને એર ઈન્ડિયા વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગ કરી હતી. એર ઈન્ડિયાનું 'મુસ્લિમ ભોજન', મુસ્લિમ સમુદાયના યાત્રીઓ માટે, પ્રમાણિત હલાલ રસોઈમાં મુસ્લિમ આહાર સંબંધિત જરૂરિયાતો અનુસાર, ભારતીય વ્યંજન શૈલીમાં તૈયાર કરવામાં આવે છે. હવે એર ઈન્ડિયામાં 'મુસ્લિમ ભોજન', 'સ્પેશિયલ મીલ' કહેવાશે.

### ઉત્તર પ્રદેશના કાસગંજ જિલ્લામાં મોટી દુર્ઘટના

# માટીની ભેખડ ધસી પડતા ૪ મહિલાઓના મોત નિપજયા

### મોહનપુરા નગરમાં માટીની ભેખડ ધસી પડતા તેની નીચે દટાઈ જવાથી ચાર મહિલાઓના મોત થઈ ગયા છે

। (એજન્સી) કાસગંજ,તા.૧૨ ।

ઉત્તર પ્રદેશના કાસગંજ જિલ્લામાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં મોહનપુરા નગરમાં માટીની ભેખડ ધસી પડતા તેની નીચે દટાઈ જવાથી ચાર મહિલાઓના મોત થઈ ગયા છે. કાસગંજ જિલ્લામાં એક ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન કેટલીક મહિલાઓ ધાર્મિક કાર્યક્રમ દરમિયાન માટીની જરૂર પડતી હોય છે તેથી સત્સંગમાં હાજર મહિલાઓ મોટી સંખ્યામાં માટી લેવા ગઈ હતી. જ્યાં માટી ખોદતી વખતે આખી ભેખડ મહિલાઓ પર ધસી પડી હતી. જ્યારે બીજી તરફ બે ડર્ઝનથી વધુ મહિલાઓ અને બાળકો માટીની અંદર દટાઈ ગયા છે. તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. સૂચના મળતા જ પોલીસ એને વહીવટી તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સુરંગ એટલી ઊંડી હતી કે, નીચે દટાયેલ મહિલાઓ અને બાળકોને બહાર કાઢવા માટે જેસીબી બોલાવવી પડી હતી.



બહાર નીકાળવામાં આવેલ મહિલાઓ અને બાળકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટના મોહનપુરા નગરમાં રામપુર અને કાતૌર ગામ વચ્ચે સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે રામપુર ગામની મહિલાઓ અને બાળકો અહીં માટી લેવા માટે આવ્યા હતા. આ દરમિયાન અચાનક માટીની ભેખડ ધસી આવી હતી. માટી નીચે લગભગ ૨૦ મહિલાઓ અને બાળકો દટાય ગયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે માટીની ભેખડ ખૂબ જ ખોખલી હતી. જ્યારે મહિલાઓ અને યુવતીઓ માટી ખોદી રહ્યા હતા ત્યારે તે તેમના પર ધસી પડી. ખૂબ જ ઉંડા હોવાના કારણે દરેક લોકો માટીમાં ઊંડે દટાઈ ગયા. રેસ્ક્યુ માટે આવેલી ટીમે જેસીબીની મદદથી માટી હટાવવાની કામગીરી કરી હતી. એક પછી એક એમ તમામ મહિલાઓ અને યુવતીઓને બહાર કાઢવામાં આવી. તેઓને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરે એક ચાર મહિલાઓને મૃત જાહેર કરી છે. દુર્ઘટનાની માહિતી મળતાં જ જિલ્લાધિકારી મેધા રૂપમ, એસપી અપર્ણા રજત કૌશિક, ધારાસભ્ય હરિઓમ વર્મા અને ભાજપ જિલ્લા અધ્યક્ષ કેપી સિંહ સોલંકી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટે ગ્રામીણો પાસેથી ઘટનાની માહિતી લીધી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ દુર્ઘટનાનું સંજ્ઞાન લીધું છે. તેમણે પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. આ સાથે જ અધિકારીઓને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા અને યોગ્ય સારવાર અપાવવાનો નિર્દેશ આપ્યો છે.

### ૨૦ દિવસ પહેલા જ થયા હતા છૂટાછેડા

## વીરપુરમાં છૂટાછેડા લીધાના ૨૦ દિવસ બાદ જ મહિલાની પતિએ કરી હત્યા

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટ જિલ્લાના વીરપુરમાં મહિલાની હત્યા કરનાર તેનો પૂર્વ પતિ પોલીસ સામે હાજર થતા પોલીસે તેને જેલ હવાલે કરી દીધો છે. છૂટાછેડા લીધાના ૨૦ દિવસ બાદ જ બે પુત્રી સાથે રહેતી આ મહિલાની તેના પૂર્વ પતિએ છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. મૃતક અલ્પાબેન ઉર્ફે ક્રિષ્નાબેન નામની મહિલાના લગ્ન ૧૭ વર્ષ પહેલા વીરપુરના કાનજીભાઈ રાઘવભાઈ ગોહેલ સાથે થયા હતા અને તેમને સંતાનમા એક દીકરો ગૌતમ અને બે દીકરી ધ્રુવી અને નેન્સી છે. અલ્પાબેનને તેના પતિ સાથે અવારનવાર ઝઘડા થતા હતા જેથી ઘરકંકાસથી કંટાળીને ૨૦ દિવસ પહેલા જ પતિ કાનજીથી છૂટાછેડા લઈને અલગ રહેવા જતા રહ્યાં હતા. છૂટાછેડા લીધા બાદ અલ્પાબેન અન્ય યુવક સાથે મૈત્રી કરાર



કરી અલગ મકાનમાં ભાડે રહેતા હતા, જેની દાઝ રાખી પૂર્વ પતિ કાનજીએ ત્યાં જઈને ક્રિષ્નાબેનના ગળાના ભાગે અને ડાબા ખંભા પાસે ધારદાર હથિયાર વડે હુમલો કર્યો હતો અને ગંભીર ઈજા પહોંચાડી હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ કાનજી સામેથી પોલીસ સ્ટેશન હાજર થઈ ગયો હતો અને હત્યા કર્યાની કબૂલાત કરી હતી. કાનજીએ અલ્પાબેનને ધારદાર હથિયારથી ગળા અને ખભામાં વાર કરતાં લોહીના ખાબોચિયાં ભરાઈ ગયા હતા.

### ૨૦મી નવેમ્બરે યોજાનાર વિધાનસભા ચૂંટણી યોજાશે

## રેલી પહેલાં ચૂંટણી અધિકારીઓએ મારી બેગ તપાસીઃ ઉદ્ધવ ઠાકરે


। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે તમામ પક્ષો જોરશોરથી પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે. આ દરમિયાન નેતાઓ એકબીજા પર આક્ષેપો પણ કરી રહ્યા છે. જોકે, શિવસેના(યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ સોમવારે એક વિચિત્ર દાવો કર્યો છે કે, ''૨૦મી નવેમ્બરે યોજાનાર વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે મહારાષ્ટ્રના યવતમાલ પહોંચવા પર અધિકારીઓએ તેમની બેગની તપાસ કરી હતી.''આ સાથે ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પ્રશ્ન કર્યો કે, ''શું ચૂંટણી અધિકારી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ કે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર કે દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરી છે?'' ઉદ્ધવ ઠાકરેએ યવતમાલના વાનીમાં



શિવસેના(યુબીટી)ના ઉમેદવાર સંજય ડેરકર માટે જાહેરસભા સંબોધિત કરતી વખતે આ કડવા અનુભવ વિશે વાત કરી હતી. શિવસેના(યુબીટી)ના પ્રમુખ ઠાકરેએ કહ્યું કે, ''જ્યારે એ હેલીકોપ્ટર દ્વારા વાની પહોંચ્યા તો કેટલાક ચૂંટણી અધિકારીઓએ તેમની બેગની તપાસ કરી હતી.''આ સાથે ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું કે ''એ ચૂંટણી અધિકારીઓથી નારાજ નથી, પરંતુ ચૂંટણી અધિકારી પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે અને હું મારી જવાબદારી નિભાવીશ.''

## હંમેશાં માત્ર હિન્દુઓને જ કેમ નિશાન બનાવાય છે? ટ્રમ્પ સમર્થક રિપબ્લિકન નેતાએ ઉઠાવ્યો મુદ્દો



### હવે ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અત્યંત પ્રખર રીતે બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થયેલા હુમલાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો

। (એજન્સી) વોશિંગ્ટન,તા.૧૨ ।

હંમેશાં માત્ર હિન્દુઓને જ કેમ નિશાન બનાવવામાં આવે છે, એવો પ્રશ્ન હવે અમેરિકામાં પણ ઉઠ્યો છે. ભારતીય અમેરિકન અને ડોનાલ્ડ ટ્રમ્પના પ્રખર સમર્થક તેમજ રિપબ્લિકન પાર્ટીના નેતા વિવેક રામસ્વામીએ ઉઠાવ્યો છે. યાદ રહે, તાજેતરમાં અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીના પ્રચાર દરમિયાન રિપબ્લિકન પક્ષના ઉમેદવાર અને હવે ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અત્યંત પ્રખર રીતે બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થયેલા હુમલાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. અહેવાલ મુજબ, એક અમેરિકી નાગરિકે હિન્દુ ધર્મને દુષ્ટ અને જાતિઓમાં વહેંચાયેલા સમાજ તરીકે ઓળખાવ્યો હતો. તેના જવાબમાં વિવેક રામસ્વામીએ પૂરી સભ્યતા અને વિનમ્રતાથી આ વ્યક્તિને જવાબ આપ્યો હતો. જોકે ત્યારબાદ વિવેક રામસ્વામીએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે, શા માટે હંમેશાં હિન્દુત્વને સોફ્ટ ટાર્ગેટ બનાવવામાં આવે છે. જે લોકો હિન્દુત્વ વિશે આ રીતે જાહેરમાં બેફામ બોલી રહ્યા છે શું તેમની હિંમત છે કે અન્ય ધર્મો વિશે ટિપ્પણી કરે?અમેરિકામાં મિશનરી સંસ્થાઓ દ્વારા બિન-અબ્રાહમિક ધર્મો, તેમાંય ખાસ કરીને હિન્દુ ધર્મને બદનામ કરવાની પ્રવૃત્તિ લાંબા સમયથી ચાલે છે. હિન્દુઓને મૂર્તિપૂજક ગણાવીને તેઓ અમેરિકાની સંસ્કૃતિ સાથે અસંગત હોવાના આક્ષેપ કરવામાં આવે છે. આમછતાં ભારતમાં રહેતા તેમજ વિશ્વમાં અન્યત્ર રહેતા હિન્દુઓએ કદી આવી ટિપ્પણીઓ સામે આકરી પ્રતિક્રિયા આપી નથી



નવી દિલ્હીમાં મનોહર પર્રિકર ઇન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ ખાતે કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ ''અનુકૂલનશીલ સંરક્ષણઃ નેવિગેટિંગ ધ ચેન્જિંગ લેન્ડસ્કેપ ઓફ મોડર્ન વોરફેર'' પર દિલ્હી સંરક્ષણ સંવાદને સંબોધિત કર્યું હતું.

### અજિત જૂથના નેતાએ NDAમાં મચાવ્યો ખળભળાટ

## કોઈ બેસ્ટ ફ્રેન્ડ નથી, ચૂંટણી પછી જોઈશું : નવાબ મલિક

। મુંબઈ, તા.૧૨ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી આ વખતે ખૂબ જ રસપ્રદ થવા જઈ રહી છે. બે ગઠબંધનોમાં ત્રણ-ત્રણ દળ છે અને તેમાંથી બે દળો એવા છે જેમાં 'અસલી અને નકલી'નો જંગ છે. એક શિવસેના MVAમાં છે તો બીજી મહાયુતિનો હિસ્સો છે. આવી જ સ્થિતિ એનસીપીની પણ છે. આ વચ્ચે અજિત પવારની એનસીપીના નેતા નવાબ મલિકના નિવેદનથી NDAમાં ખળભળાટ મચી ગયો છે. તેમનું કહેવું છે કે, રાજકારણમાં કોઈ બેસ્ટ ફ્રેન્ડ કે દુશ્મન નથી હોતું. ચૂંટણી પછી મિત્રો અને દુશ્મનો વચ્ચેની સ્થિતિ બદલાઈ પણ જાય છે. હવે નવાબ મલિકના આ નિવેદનથી અજિત પવારની એનસીપીના વલણને લઈને અટકળો લગાવવામાં આવી રહી છે. નવાબ મલિકે કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં જે રીતે ચૂંટણી યોજાઈ રહી છે તેના પરથી લાગી રહ્યું છે કે, કાંટાની ટક્કર થશે. કોઈ પણ એ અંદાજો ન લગાવી શકે કે, ચૂંટણી બાદ શું થશે. ૨૦૧૯માં કોઈએ પણ નહોતું વિચાર્યું કે, આવી રીતે સરકાર બનશે. રાજકારણમાં કોઈ પણ કોઈનું બેસ્ટ ફ્રેન્ડ કે દુશ્મન નથી હોતું. મિત્રો અને દુશ્મનો વચ્ચે ચૂંટણી બાદ સ્થિતિ બદલાતી રહે છે. પરંતુ એ વાત સાચી છે કે, અજિત પ વાર કિંગમેકર બનશે.

## વિશેષ

### લોકસભાના દંડક દેવુસિંહ ચૌહાણના હસ્તે વૌઠાના સુપ્રસિદ્ધ લોકમેળાનું ઉદ્‌ઘાટન

# વૌઠાનો લોકમેળો સામાન્ય માણસને આનંદ મળી રહે તેવો મહોત્સવ તેમજ સાધના અને ઉત્સવનું એક સાધન : લોકસભા દંડક શ્રી દેવુસિંહ ચૌહાણ

। (માહિતી) અમદાવાદ ।

સપ્તનદી સંગમ સ્થાન વૌઠા ગામ ખાતે લોકસભાના દંડક શ્રી દેવુસિંહ ચૌહાણના હસ્તે વૌઠાના સુપ્રસિદ્ધ લોકમેળાનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ વિસ્તારના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી પણ ઉપસ્થિત રહ્યા હતા.

લોકસભાના દંડક શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, આ મેળાનું મહત્ત્વ સમગ્ર ગુજરાત જાણે જ છે. વૌઠાનો મેળો એ સામાન્ય માણસને આનંદ મળી રહે તેવો મહોત્સવ છે, અને સાધના તેમજ ઉત્સવનું એક સાધન છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૌઠાના મેળામાં યાત્રાળુઓને કોઈપણ તકલીફ ન પડે તેવું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ અહીં સ્નાન કરવાનું અનોખું મહત્ત્વ છે, પરંતુ કોઈ જાનહાનિ ન થાય તે માટે આ વર્ષે નદીની બહાર જ સ્નાન કરવાની વ્યવસ્થા કરાઈ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વૌઠા ગ્રામ પંચાયતના તમામ સભ્યો અને તમામ ગ્રામજનોનો





વૌઠાના લોકમેળાના સુંદર આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.


પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સાબરમતી, હાથમતી, વાત્રક, ખારી, શેઢી, માઝમ અને મેશ્વો જેવી સપ્તનદીઓનું સંગમ થાય છે તેના પ્રાંગણમાં વર્ષોથી આ લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતમાં અનેક લોકમેળાઓનું આયોજન થાય છે, પરંતુ વૌઠાનો લોકમેળો સુપ્રસિદ્ધ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પૂર્વ મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વાત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના લોકમેળાઓ અને વિવિધ તહેવારોની ઉજવણીને આર્થિક પરિસ્થિતિ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો છે અને તેમાં સફળતા મેળવી છે. જેમકે, નવરાત્રિ મહોત્સવ ગુજરાત પતંગોત્સવ જેવા વિવિધ તહેવારોની ઉજવણી થકી લોકોને રોજગારી મળી છે, અને લોકોની આર્થિક પરિસ્થિતિ સુધરી છે, તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી જણાવ્યું હતું કે, ચકલેશ્વર મહાદેવના સાંન્નિધ્યમાં આ લોકમેળો યોજાઈ રહ્યો છે, આ મેળાનું ધાર્મિક તેમજ આર્થિક મહત્ત્વ રહેલું છે. આ મેળામાં વેપારીઓ આવીને વેપાર કરે છે, તેમજ આસપાસના ગામના લોકો અને દૂરથી યાત્રાળુઓ પધારી કારતક સુદ પૂનમ સુધી આ મેળાનો આનંદ લે છે, આવો અનોખો આ ગુજરાતનો ખૂબ જ પ્રસિદ્ધ મેળો છે અને દર વર્ષે હર્ષોલ્લાસ સાથે વૌઠા ગામના લોકો દ્વારા તેમજ ગ્રામ પંચાયત દ્વારા તેનું આયોજન કરવામાં આવે છે, તે બદલ હું તમામ લોકોનો આભાર વ્યક્ત કરું છું, તેમ તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં માતર વિસ્તારના ધારાસભ્ય શ્રી કલ્પેશ પરમાર, ધોળકા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રંજનબેન ત્રિવેદી, રાજકીય અગ્રણી શ્રી હર્ષદગીરી ગોસ્વામી, ગામના સરપંચ શ્રી રાજેન્દ્રભાઈ વસાવા, તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતના સભ્યો, વિવિધ વિભાગના પદાધિકારીઓ, સંતો-મહંતો, ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ મેળામાં પધારેલ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.




રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વડતાલ ખાતે ગો મહિમા દર્શન-પ્રદર્શનની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું.



સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભાવિ પેઢીને ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યો સાથે જોડવાનું કાર્ય કરી રહ્યા છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

## ન્યુઝ બોક્ષ

### પરિવારજનોએ રિફાઈનરીના સત્તાધીશો પર ગંભીર આક્ષેપ લગાવ્યા

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

ગુજરાત રિફાઈનરીની બેન્ઝિન સ્ટોરેજ ટેંકમાં ધડાકા સાથે લાગેલી આગમાં કોન્ટ્રાક્ટ પરના બે કર્મચારીઓના મોત થયા હતા. તેમના પરિવારજનો આજે વળતર અને ન્યાયની માગ સાથે રિફાઈનરીની બહાર ધરણા પર ઉતર્યા હતા. પરિવારજનોએ રિફાઈનરીના સત્તાધીશો પર ગંભીર આક્ષેપો કર્યા હતા. દુર્ઘટનામાં જીવ ગુમાવનાર કર્મચારી ધીમંત મકવાણાના બનેવીએ કહ્યું હતું કે, આગ લાગ્યાની જાણકારી મળ્યા બાદ અમે સાંજથી અહીંયા આવીને બેઠા છે પણ અમને રિફાઈનરી તરફથી કે કોન્ટ્રાકટર તરફથી કોઈ જાતની જાણકારી આપવામાં આવી નથી. રિફાઈનરીના અધિકારીઓને માણસના મોતની કોઈ કિંમત નથી. વહેલી સવારે ધીમંતના પત્ની પર ચાર વાગ્યે તેમના મોતની જાણ કરતો ફોન આવ્યો હતો. તેના પહેલા તો કોઈ વાત કરવા માટે તૈયાર નહોતું. કોન્ટ્રાકટરે તો ધીમંતના સગા બોલીએ છે તેવું સાંભળતા જ ફોન કાપી નાંખ્યો હતો. અમને તો એવુ જ હતું કે, ધીમંત ઈજાગ્રસ્ત છે. ધીમંતને પાંચ વર્ષનો દીકરો છે. તેની પત્ની અને માતા પિતા પણ છે. તેમનો સહારો છીનવાઈ ગયો છે. મોતને ભેટેલા અન્ય એક કર્મચારી અને કોયલી ગામના રહેવાસી શૈલેષભાઈના માતા અને પત્ની તેમજ પરિવારજનોએ એક કરોડના વળતરની માગ સાથે આક્રોશ વ્યક્ત કર્યો હતો. શૈલેષભાઈને ત્રણ નાના બાળકો છે. તેમના માત અને પત્નીએ કહ્યું હતું કે, સાંજે ૬ વાગ્યે તેમને રિફાઈનરીના અધિકારી અને કોન્ટ્રાકટરે અંદર ચા નાસ્તો આપવા માટે મોકલ્યા હતા અને તેઓ પછી પાછા જ ના આવ્યા. અમને અત્યાર સુધી અધિકારીઓ કે કોન્ટ્રાકટર મળવા પણ નથી આવ્યા. જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે તેમનો મૃતદેહ ઘરે નહીં લઈ જઈએ.

### જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવક બંધ કરવાનો નિર્ણય

। (એજન્સી) જામનગર, તા.૧૨ ।

જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવકમાં જોરદાર વધારો થયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં યાર્ડમાં મગફળી ભરેલા ૯૦૦થી વધુ વાહનો આવ્યા હતા. આ અગાઉ ક્યારેય નોંધાયેલી ન હોય તેવી આ મોટી માત્રામાં આવકને કારણે યાર્ડ ચીક્કાર ભરાઈ ગયું છે. યાર્ડમા ૮૦ હજાર ગુણી મગફળીના થપ્પા લાગ્યા, તેથી હાલમાં યાર્ડમાં જગ્યાની અછત સર્જાઈ છે, જેના કારણે નવી મગફળીની આવક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માર્કેટિંગ યાર્ડના સેક્રેટરીએ જણાવ્યું હતું કે, આગામી ૮ દિવસ સુધી યાર્ડમાં મગફળીની આવક બંધ રહેશે. આ દરમિયાન યાર્ડમાં પહેલેથી જ આવેલી મગફળીની હરાજી કરવામાં આવશે અને યાર્ડ ખાલી કરવાના પ્રયાસો કરવામાં આવશે. ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, આ દરમિયાન તેઓ પોતાની મગફળી યાર્ડમાં ન લાવે. આ અચાનક બંધ થયેલી આવકને કારણે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. કેટલાક ખેડૂતોએ જણાવ્યું હતું કે, તેમણે પોતાની મગફળી વેચવા માટે રાત દિવસ લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડ્યું હતું, તેમ છતા પરત જવું પડ્યું હતુ અને હવે આવક બંધ થઈ જતાં તેમને મુશ્કેલી પડી રહી છે. માર્કેટિંગ યાર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે, યાર્ડમાં જગ્યા ખાલી થયા બાદ ફરીથી મગફળીની આવક શરૂ કરવામાં આવશે.

મોબાઈલ નંબર અથવા ઇમેલ એડ્રેસ વગેરે બ્લોક કરી દીધા

# જામનગરમાં ઉદ્યોગપતિ ઓનલાઈન ભેજાબાજોની છેતરપિંડીનો શિકાર બન્યા

**હીટાચી કંપનીની પરચેસ મેનેજર તરીકે ફરજ બજાવે છે તેવી ખોટી ઓળખ ઉભી કરી**

। (એજન્સી) જામનગર, તા.૧૨ ।

જામનગરમાં ઉદ્યોગપતિ ઓનલાઈન ભેજાબાજોની છેતરપિંડીનો શિકાર બન્યા છે. જેમાં દરેડના વેપારી સાથે રૂપિયા ૨૭.૭૨ લાખની છેતરપિંડી થયાની પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. શહેરમાં રહેતા અને દરેડમાં કારખાનું ધરાવતા એક ઉદ્યોગપતિ ઓનલાઈન ભેજાબાજોના છેતરપિંડીનો શિકાર બન્યા છે, અને રૂપિયા ૨૭.૭૨ લાખનો માલ સામાન ટ્રાન્સપોર્ટ મારફતે મોકલાવ્યા પછી તેની રકમ નહીં ચૂકવી વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાનના વતની અને હાલ જામનગરમાં રહેતા તેમજ દરેડ વિસ્તારમાં પ્લોટ નંબર ૩૨૪૦ એમાં એલ્યુમિનિયમ પ્રોડક્ટનું કારખાનું ધરાવતા રામ નિવાસ પૂખરાજ દેવરા નામના ઉદ્યોગપતિ કે જેઓને તાજેતરમાં ઓનલાઈન પરચેસિંગના માધ્યમથી કોઈ ભેજાબાજોએ પોતાનું નામ કલ્પેશ જોશી અને પોતે હીટાચી કંપનીની પરચેસ મેનેજર તરીકે ફરજ બજાવે છે તેવી ખોટી ઓળખ ઉભી કરી હતી, અને તે અંગેના ખોટા દસ્તાવેજ વેપારી પેઢીને મોકલ્યા હતા. જામનગરના ઉદ્યોગકાર પાસેથી રૂપિયા ૨૭.૭૨ લાખની કિંમતની ૮૩૩.૫૦ કિલોગ્રામની ટીન ઈંગોટ નામની પ્રોડક્ટ તૈયાર કરીને મંગાવી હતી. જેથી વેપારી પેઢી દ્વારા ટ્રાન્સપોર્ટ મારફતે ઉપરોક્ત કંપનીને મોકલી દેવાયો હતો. જે માલ સામાન પહોંચી ગયા બાદ જામનગરના વેપારી દ્વારા ઉપરોક્ત રકમની માંગણી કરાતા પોતાના મોબાઈલ નંબર અથવા ઈમેલ એડ્રેસ વગેરે બ્લોક કરી દીધા હતા, અને તેનો સંપર્ક થઈ શક્યો ન હતો. આથી વેપારી દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી તપાસ કરાવી હતી, જયારે પોલીસની પણ મદદ દીધી હતી, જેમાં પોતાની સાથે ઈન્ડિયા ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી ૨૭,૭૨,૦૫૭ની છેતરપિંડી થઈ હોવાનું ધ્યાનમાં આવતા પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે પોલીસ તપાસ કરી રહી છે.

## ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીએ કર્યો આપઘાત

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટ શહેરની એક ખાનગી શાળામાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીએ અયોધ્યા ચોક પાસે આવેલી પાસે નેત્રમ હોસ્પિટલવાળી શેરીમાં ઓસ્કાર રેસીડેન્સીમાં પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. માહી આલોકભાઈ મલકાણ નામની ૧૭ વર્ષીય વિદ્યાર્થીનીએ ધોરણ-૧૨ સાયન્સમાં નાપાસ થવાના ડરે આપઘાત કરી લીધો છે. પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી આવી છે, જેમાં મૃતક વિદ્યાર્થીનીએ લખ્યું હતું, "માફ કરજો મમ્મી ડોક્ટર બનવાનું સપનું પૂરું ન કરી શકી."મૃતક સગીરાએ આપઘાત કરતા પહેલા અંગ્રેજીમાં એક પેજની સ્યુસાઈડ નોટ લખી હતી, જે પોલીસે કબ્જે કરી છે. સગીરાના માતાપિતા તેને ડોકટર બનાવવા ઈચ્છતા હતા, પણ સગીરા પોતે સારા માર્ક નહીં લાવી શકે તેવી ચિંતામાં હતાશામાં ધકેલાઈ ગઈ હતી અને ત્યારબાદ તેણે આ અંતિમ પગલું ભર્યું હતું. એકની એક પુત્રીના આપઘાતથી સગીરાના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે.

### વાવ વિધાનસભા બેઠક માટે ૧૯૨ મતદાન મથક કેન્દ્રો પરના ૩૨૧ મતદાન મથકો પર યોજાશે મતદાન

। (એજન્સી) વાવ, તા.૧૨ ।

૦૭-વાવ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી માટે તા.૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. વાવ વિધાનસભા મતદાર વિભાગ માટે ભરાયેલા કુલ ૨૧ ઉમેદવારો પૈકી ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાવાની પ્રક્રિયા બાદ કુલ દસ (૧૦) ઉમેદવારો વચ્ચે યોજાનાર ચૂંટણીમાં ૩.૧૦ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

## પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે સેન્ટ પોલ સ્કૂલ, રાજકોટના રજત જયંતી વર્ષ પર વિશેષ આવરણ જાહેર કર્યું

**શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવામાં ફિલાટેલી નું મહત્વનું યોગદાન - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**



। અમદાવાદ, તા.૧૨ ।

ડાક વિભાગ દ્વારા ડાકટિકટ સંગ્રહ અથવા ફિલાટેલી ક્ષેત્રમાં અનેક નવા પગલાં લેવામાં આવી રહ્યા છે. તેનો ઉદ્દેશ્ય બાળકોમાં સર્જનાત્મકતાના વિકાસની સાથે એ પણ છે કે બાળકો આ ડાક ટિકિટો દ્વારા વિવિધ સમકાલીન વિષયો, ઘટનાઓ, દેશના વ્યક્તિત્વો, જૈવ વિવિધતા વગેરેથી પરિચિત થઈ શકે. શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવામાં ફિલાટેલીનું મહત્વનું યોગદાન છે. રાજકોટ પરિક્ષેત્ર ના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે સેન્ટ પોલ સ્કૂલના રજત જયંતી વર્ષ નિમિત્તે ૧૨મી નવેમ્બરના રોજ વિશેષ આવરણનું વિમોચન કરતી વખતે ઉપરોક્ત વિચારો વ્યક્ત કર્યા. આ પ્રસંગે રાજકોટ મંડળના પ્રવર અધિક્ષક ડાકઘર શ્રી એસ.કે.બુનકર, સેન્ટ પોલ સ્કૂલના પ્રિન્સીપાલ ફાધર જેમ્સ, સિનિયર પોસ્ટ માસ્તર શ્રી અભિજીત સિંહ અને સેન્ટ મેરી સ્કૂલના પૂર્વ પ્રિન્સીપાલ ફાધર બિનોય પણ ઉપસ્થિત રહ્યા હતા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કહ્યું કે ડાક ટિકિટ અને વિશેષ આવરણ ભૂતકાળને વર્તમાન સાથે જોડે છે. ડાક ટિકિટને નન્હા રાજદૂત કહેવામાં આવે છે, જે વિવિધ દેશોમાં ભ્રમણ કરે છે અને તેમને પોતાની સંસ્કૃતિ, પરંપરા અને વારસાથી પરિચિત કરાવે છે. દરેક ડાક ટિકિટ પાછળ એક વાર્તાછુપાયેલી હોય છે અને આજની યુવા પેઢીને આ વાર્તા સાથે જોડવાની જરૂર છે. સેન્ટ પૉલ સ્કૂલ જેવી અનેક સંસ્થાઓ આ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ જ શ્રેણીમાં એક નવયુક્ત પહેલ તરીકે ડાક વિભાગ વિવિધ શાળાઓમાં ફિલાટેલી ક્લબ ખોલી રહ્યું છે, જેથી વિદ્યાર્થીઓમાં ડાક ટિકિટ સંગ્રહ કરવાની તેમની રુચિ વિકાસ પામે. તેનાથી વિદ્યાર્થીઓના શિક્ષણમાં પણ ફાયદો થશે. ડાક –ટિકિટ સંગ્રહ (ફિલાટેલી)ને શિક્ષણ પ્રણાલીની મુખ્યધારા માં લાવવા અને પ્રોત્સાહન આપવા માટે ડાક વિભાગ દ્વારા વર્ગ ૬ થી ૯ સુધીના બાળકો માટે ૬૦૦૦/- રૂપિયાની વાર્ષિક "દીન દયાળ સ્પર્શ શિષ્યવૃત્તિ યોજના" શરૂ કરવામાં આવી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે ફિલાટેલી ને 'કિંગ ઓફ હોબી અને હોબી ઓફ કિંગ' તરીકે ઓળખવામાં આવે છે, જેમાં રસ રાખતાં વિવિધ વિષયો પર ડાક ટિકિટોનું સંગ્રહ કરી શકાય છે. સાથે જ તેમણે જણાવ્યું કે સંચારના બદલતા દોરમાં આજની યુવા પેઢી સોશિયલ મીડિયાને વધુ પ્રાથમિકતા આપી રહી છે, પરંતુ બાળકોને ફિલાટેલી સાથે નક્કી જ જોડાવું જોઈએ, આથી તેમના સામાન્ય જ્ઞાનમાંપણવધારોથશે.

સેન્ટ પોલ સ્કૂલના પ્રિન્સીપાલફાધર જેમ્સે જણાવ્યું કે, સેન્ટ પોલ સ્કૂલ એ એક પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા છે જે માત્ર બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ જ નહીં પરંતુ તેમનો સર્વાંગી વિકાસ પણ સુનિશ્ચિત કરે છે. સેન્ટ પોલ સ્કૂલ પર ડાક વિભાગ દ્વારા જારી કરેલા વિશેષ આવરણથી તેની ઓળખને દેશ-વિદેશમાં નવો આયામ મળશે.

## વલસાડ નજીક ખાનગી બસનો ભયંકર અકસ્માત

। (એજન્સી) વલસાડ, તા.૧૨ ।

વલસાડના કપરાડાથી બસ પલટી જતાં અકસ્માતની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં મુસાફરી કરી રહેલાં લોકોમાંથી ૧૮ લોકો ઈજાગ્રસ્ત થયાં છે અને એક મહિલાનું મોત નિપજ્યું છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે કપરાડા, ધરમપુર અને વલસાડની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, એક ખાનગી બસ મહારાષ્ટ્રથી સુરત જઈ રહી હતી, તે સમયે મોડી રાત્રે લક્ઝરી બસ પલટી મારી ગઈ હતી. આ દુર્ઘટનામાં બસમાં સવાર ૩૦ મુસાફરો મુસાફરી કરી રહ્યાં હતાં તેમાંથઈ ૧૮ ઈજાગ્રસ્ત થયાં છે, તેમજ એક મહિલાનું ઘટના સ્થળે જ માથું ધડથી અલગ થઈ જતાં મોતને ભેટી હતી. બસ અકસ્માત બાદ ડ્રાઈવર ત્યાંથી ફરાર થઈ ગયો હતો.દુર્ઘટના થતાં જ સ્થાનિક લોકો ભેગા થઈ ગયાં હતાં. સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડી પોલીસને સમગ્ર બનાવ વિશે જાણ કરી હેતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે સમગ્ર ઘટના વિશે તપાસ હાથ ધરી છે. મૃતક મહિલાને પોસ્ટમોર્ટમ માટે મોકલી પરિવારજનોને જાણ કરવામાં આવી છે. સમગ્ર બનાવ વિશે સ્થાનિક લોકોનું કહેવું છે કે, આ ઢોળાવ વાળો રસ્તો હોવાથી રાત્રે ઘણીવાર ડ્રાઈવરોને ઢાળ વિશે ખ્યાલ આવતો નથી.

પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

# વસ્ત્રાપુર લેક પર આંટો મારવા લઇ ગયેલા ઘોડાવાળાએ બાળકી સાથે અડપલાં કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ફરી એક વખત શહેરમાં ગેમઝોન સહિતની જગ્યાઓ શરૂ થઈ જતા રોડ પરના ફેરિયાઓ પણ સક્રિય થયા છે. ત્યારે દિવાળી વેકેશનમાં આવા ફેરિયાઓ પાસે જનાર વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે.

શહેરમાં રહેતી એક મહિલા તેની સાડા ચાર વર્ષની બાળકીને લઈને વસ્ત્રાપુર લેક ગઈ હતી. જ્યાં બાળકીએ ઘોડા પર આંટો મારવાનું કહેતા તેની માતાએ એક ઘોડાવાળાને રોક્યો હતો. આ ઘોડાવાળાએ આંટો મરાવતી વખતે બાળકીના ગુપ્ત ભાગોએ અડપલાં કર્યા હતા. આ મામલે બાળકીની માતાએ પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વેજલપુરમાં રહેતી ૩૫ વર્ષીય મહિલા વિઝા કન્સલ્ટન્સીની કંપનીમાં નોકરી કરે છે. દિવાળી વેકેશન હોવાથી આ મહિલા સાડા ચાર વર્ષની પુત્રીને લઈને પિયરમાં ગઈ હતી. તેવામાં ગત તા.૯મીએ મહિલા તેની પુત્રી તથા બહેન સાથે વસ્ત્રાપુર તળાવ ખાતે ફરવા ગયા હતા. ત્યાં બાળકીએ ઘોડા પર આંટો મારવાનું કહેતા મહિલાએ એક ઘોડાવાળાને રોક્યો હતો. ઘોડાવાળાએ સાથે એક આંટો મારવાના ૧૦૦ રૂ. નક્કી કરીને મહિલાએ તેમની પુત્રીને આંટો મારવા મોકલી હતી. જ્યારે ઘોડાવાળો પરત આવ્યો ત્યારે બાળકી રડતી હતી. જેથી ઘોડાવાળાને પૂછતા ઘોડાનો પગ સ્લીપ થતાં બાળકી ડરી જતા રડતી હોવાનું જણાવીને નીકળી ગયો હતો. બાદમાં મહિલા બાળકીને લઈને ગેમઝોનમાં ગઈ હતી. ત્યાંથી ઘરે ગયા ત્યારે બાળકીએ ગુપ્તભાગમાં દુઃખાવો થતો હોવાની ફરિયાદ કરતા પરિવારજનોએ પૂછપરછ કરી હતી. ત્યારે તેણે ઘોડાવાળા છોકરાએ આંટો મારવા લઈ જતી વખતે અડપલાં કર્યા હોવાનું કહેતા મહિલાના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. આખરે મહિલાએ આ મામલે પોલીસને જાણ કરતા વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

૨ લાખથી વધુ ભાવિકો પરિક્રમા રુટ પર હોવાનો અંદાજ

# ગિરનારની લીલી પરિક્રમાની શરૂઆતમાં પહેલા જ બે યાત્રાળુઓના હાર્ટ એટેક થી મોત

**૫૦ હજાર જેટલા ભાવિકોએ નળપાણીની ઘોડી વટાવી છે ગિરનાર જંગલમાં યાત્રિકોનો અવિરત પ્રવાહ જોવા મળ્યો છે**



। (માહિતી) જુનાગઢ, તા.૧૨ ।

જૂનાગઢમાં વિધિવત રીતે લીલી પરિક્રમાની શરુઆત થાય તે પહેલા જ લાખો ભાવિકો પરિક્રમા માટે આવી પહોંચ્યા હતા. ૨ લાખથી વધુ ભાવિકો પરિક્રમા રુટ પર હોવાનો અંદાજ છે. ૫૦ હજાર જેટલા ભાવિકોએ નળપાણીની ઘોડી વટાવી છે. ગિરનાર જંગલમાં યાત્રિકોનો અવિરત પ્રવાહ જોવા મળ્યો છે.

વિવિધત પરિક્રમા શરુ થાય તે પહેલા એક લાખ યાત્રિક પરિક્રમા પૂરી કરી બોરદેવી પહોંચે તેવી શક્યતા છે. મધરાતે સાધુ સંતો, રાજકીય અગ્રણીઓની હાજરીમાં પરિક્રમાનો વિધિવત આરંભ થશે. જો કે ગિરનારની લીલી પરિક્રમામાં આવેલા ૨ યાત્રાળુના હાર્ટ એટેકથી મોત થયા છે. મૃતકનું નામ પરશોતમભાઈ જગદીશભાઈનું એટેકથી મોત થયું છે. રાજકોટના મહેશ રૂડાભાઈનું પણ એટેકથી મોત થયુ છે.

લીલી પરિક્રમા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગિરનાર તરફ જવા વન વે રસ્તાઓ જાહેર કરવામાં આવ્યા છે. ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે વિશેષ ધ્યાન આપ વામાં આવ્યુ છે. લીલી પરિક્રમામાં વીસ લાખ લોકોના આવવાના અંદાજને ધ્યાને લઈ એસ પી દ્વારા મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે.શહેરના ૪૨૭ કેમેરાઓ થી સતત નજર રાખવામાં આવશે. ગિરનાર પરિક્રમા માટે કુલ ૨૪૨૭ પોલીસ કર્મી ફરજ બજાવશે. જેમાં ૯ Dysp, 27 PI, 92 psi, 914 પોલીસ કર્મચારીઓ,૫૦૦ હોમગાર્ડ, ૮૮૫ ‌‌ઘ્ઈહ્વનો સમાવેશ થાય છે. ૧ જીઈંહ્વ ટીમ,૧ જીહ્વઈહ્વ ટીમ, ૧૩ સરવેલન્સ ટીમ,૮ જરી ટીમ પણ ફરજ બજાવશે. આ ઉપરાંત બોડીવોરન કેમેરા ૨૧૦, રસા ૧૯, અગ્નિશામક ૪૯,વાયરલેસ સેટ ૪૦, રાવટી ૪૭. ,વોકીટોકી ૧૯૫ જેવા આધુનિક સાધનો સાથે પોલીસ કર્મી ફરજ પર રહેશે. ચોરી, લૂંટફાટ જેવી ઘટના કે આકસ્મિક ઘટનાઓ પર પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવશે